પ્રકાશક:
કેશવલાલ માણેકચંદ
ભારત જૈન વિદ્યાલય
પૂના સીટી

મુદ્રણસ્થાન: આદિત્ય મુદ્રણાલય,
રાયખડરોડ-અમદાવાદ.
મુદ્રક: પ્રાણજીવન વિશ્વનાથ પાઠક

બુદ્ધ અને મહાવીર

પૂર્વકાળ

જગતના એક મહાધર્મ તેમ જ એથી પ્રખ્યાતી પામેલા એના એક સહધર્મ ઉપર આપણે અહીં દૃષ્ટિ નાખી જાશું. એનાં રૂપરંગ વિષે જ વિવેચન કરીને અટકીશું નહિ; પણ એની ભાવના અને ઉત્પત્તિ વિષે પણ કંઈક કહીશું. એ બન્ને ધર્મ પ્રાચીન આર્ય ધર્મના વિકાસ-ક્રમનાં પરિણામ હોય એવે સ્વરૂપે આપણને એ દેખાય છે અને એ રીતે બીજી ઇંડો-જર્મન પ્રજાઓના મૂળ ધર્મ સાથે-હોમરના અને પ્રાચીન જર્મનોના ધર્મ સાથે એમનો સંબંધ બાંધી શકાય.

ઘણા વાચકો તો આ પ્રસ્તાવ સાંભળીને આશ્ચર્યમૂઢ બની જશે; કારણ કે જૈન અને બૌદ્ધ ધર્મના સિદ્ધાન્તો હોમરના ધર્મસિદ્ધાન્તોથી અને મૂળ જર્મન પૂર્વજોના ધર્મ સિદ્ધાન્તોથી છેક અળગા છે. પણ આ ધર્મો અને સિદ્ધાન્તો પોતાનાં ગીત, પ્રાર્થના અને કથાઓ રચવામાં જે ભાષાનો ઉપયોગ કરે છે એ ભાષાઓ પણ એક બીજાથી છેક અળગી હોય એવું દેખાય તો છે જ. ઇલિયડ કે ઓડેસી ઉપરથી કે એડા ઉપરથી કોઈ પણ માણસ હિંદુઓના સૌથી પ્રાચીન ગ્રંથ વેદને કે બૌદ્ધશાસ્ત્રોને, નહિ જ સમજી શકે. અને છતાંયે એ સૌ ભાષાઓને અતિ પ્રાચીન સંબંધ છે. બહુ પ્રાચીન કાળે-ખ્રિસ્ત પૂર્વે ૩૦૦૦ ની લગભગ હોય-હિંદુ, ઇરાની, ગ્રીક, રોમન, જર્મન, સ્લાવ, કેલ્ટ વગેરે ઇંડો-જર્મન પ્રજાઓ વચ્ચે સંબંધ હતો. એશિયા અને યુરોપના સીમાપ્રદેશમાં કોઈક જગાએ એમનાં પાસપાસે ઘર હતાં, એ એક બીજાની બોલી સમજતા અને વળી ધર્મ ભાવનાઓમાં અને રીત રિવાજમાં પણ ઘણું સામ્ય ધરાવતા. બેશક એ વાતને હજારો વર્ષ વીતી ગયાં છે; પણ ભાષા અને ધર્મ એવી ચીકણી સંસ્થાઓ છે કે, સૌ ચીજોની પેઠે કાળે કરીને એ બદલાય તો છે જ, પણ હજારો વર્ષ પછી પણ એ પોતાના મૂળને કોઈને કોઈ રીતે ચોંટી રહે છે. અસ્ખલિત કાળ જેમ જેમ વધારે વીતતો જાય છે અને ફેરફાર જેમ જેમ વધારે થતો જાય છે [illegible] પ્રાપ્ત થઈ જાય છે

પૂર્વકાળ

સત્વર વેગે મંદિરને શિખરે જાગો,
દુવાના શિખર પ્રદેશને દૂરથી પ્રકાશો
અને રાત્રિએ અથડાતી સ્થાગનૌકાને
આશા કિરણ આપો.

[ત્યાર પછીના બે શ્લોકમાંથી માત્ર બે બે અક્ષરો જ ગળી [illegible] સમુદ્રના તોફાનમાંથી બચાવનાર દેવો છે. સરખાવો H. Aymn. Hom. 336. ff અને Eurip. Helen. 1495. ff. વળી લિઓપોલ્ડ ફૉન શ્રોડરના Arische Religion II (૧૯૧૬) પૃ. ૪૩૮–૪૫૮ માં આવેલા Die Dioskuren વાળું પ્રકરણ પણ જોવા જેવું છે. આલ્કાઈઓસના શ્લોક અગીઆર અક્ષરની ત્રણ અને ૭ અક્ષરની એક (Hexameter) છેવટની એમ ચાર પંક્તિઓના છે. વેદના શ્લોક અગીઆર અક્ષરની ચાર પંક્તિના છે. મૈત્રેય સમિતિ નામના મારા ગ્રંથમાં (૧૯૧૯) પૃ. ૧૫૮ થી, અગિઆર અક્ષરની પંક્તિની ઉત્પત્તિ સંબંધે વિવેચન કરવામાં આવ્યું છે, અને ૭ અક્ષરનું છેવટનું જે સ્વતંત્ર ટુંકું ચરણ છે તે વિષે તે જ ગ્રંથમાં ૨૩૧ મે પૃષ્ઠે અને ખાસ કરી New Metrik (૧૯૨૦ VWV) નામના મારા લેખમાં વિવેચન કરવામાં આવ્યું છે.]

આગ સંકટમાંથી તારનાર એ દીઓસ્કુર તે બે દેવો છે, તેમને હમેશાં યુગ્મ માનવામાં આવે છે અને સહાયતા માટે એમની ભેગી જ પ્રાર્થના કરવામાં આવે છે. 'ઝેઉસના પુત્રો' એ એમનું નામ તે વેદમાંના दिवो नपाताने મળતું આવે છે, અને વળી વેદમાં પણ એ બંને દેવ સંકટસમયે સહાયતા કરનાર મનાયા છે. આલ્કાઈઓસે કરી છે એવી રીતે એમની પ્રાર્થના સહાયતા માટે કરવામાં આવે છે અને એમણે કરેલી સહાયતાને કારણે એમનાં સ્તવન વારંવાર ગાવામાં આવે છે. વેદમાં કરેલા વર્ણન પ્રમાણે અદ્ભુત રથમાં બેશીને એ વિચરે છે અને ત્યારે એ अश्विना કહેવાય છે અને વળી नाऽसत्या (न असत्या) પણ કહેવાય છે, એટલે કે માણસ સુખેથી વિશ્વાસ રાખીને એમને શરણે જાઈ શકે. એમના પ્રત્યે ઉચ્ચારેલા વેદમંત્ર આ પ્રમાણે છે (જર્મન અનુવાદ ગ્રાસમાનનો છે. મૂળમાં અગીઆર અક્ષરની પંક્તિઓ છે, તેને અનુસરીને અનુવાદમાં પણ અગીઆર અક્ષરની પંક્તિઓ રાખી છે.)

મં. ૧. આવો, હે અશ્વિન, શ્યેનપક્ષીએ અંકિત
અ. ૧૭. રથમાં બેશીને તમે ભવ્ય સહાયક,
સૂ. ૩. તમારો રથ મર્ત્યના મન કરતાં યે ત્વરિત વેગ વાળો,
વાયુ કરતાં યે, ને એ ત્રિબંધુ છે, હે વીર.

તમારા રથમાં બેશીને આવો, જે મિનાંધુ છે,
    તેમાં ત્રણ બેઠક છે, સારાં ગોળ પણ પૈડાં છે;
અમારી ગાયોને પુષ્ટ કરો, ઘોડાને ત્વરિત કરો,
    અમારાં માણસોને સબળ કરો, હે અશ્વિન. ૨

ત્વરિત રથે બેશી અહીં આવો
    અને આ પર્વતનો શબ્દ લેઇ લો,
નહિ તો પ્રાચીન ગાયકોએ તમને
    ભીડમાં સહાયક શાને કહ્યા હે અશ્વિન? ૩

હે અશ્વિન, તમને આ શ્યેન પક્ષીઓ લાવે છે,
    એ ત્વરિત પક્ષીઓ, જે રથને ખેંચે છે;
સ્વર્ગનાં ગીધ પક્ષી જેટલાં એ વિશ્વાસ પાત્ર છે,
    અને તમને નિશ્ચય યજ્ઞમાં લેઇ જાય છે. ૪

તમારા રથ ઉપર સૂર્યની કન્યા,
    એ યુવતી પરિપૂર્ણ આનંદે ચઢી,
અદ્ભુત રાતાં પક્ષીને વહી લાવનાર
    એ ત્વરિત અશ્વો તમને અહીં લાવે. ૫

ભવ્યતા દ્વારા તમે વંદન કરાવો છો
    શક્તિ દ્વારા રેલ કરાવો છો, હે વીર;
ભૃગુના પુત્રને તમે સમુદ્ર પાર લેઇ ગયા
    અને ચ્યવાનને ફરી યુવાન બનાવ્યો. ૬

અગ્નિના તાપમાં સમાઇ ગએલા અત્રિને,
    હે અશ્વિન, તમે તાજો કરી બળ આપ્યું;
અંધ થએલા કણ્વને, એની પ્રાર્થના સાંભળીને
    તમે ફરી એને આંખો આપી. ૭

નાશી જતા શયુની ગાયને હે અશ્વિન,
    તમે પ્રાચીન કાળે દૂધે ભરી કાઢી.
વર્તિકાની ભીડ તમે ભાગી,
    અને વિશ્પલાને નવી જંઘા દીધી; ૮

સાપને મારનારો ઇન્દ્રથી પ્રેરણા પામેલો;
ખોંખારતો શત્રુને તોડી નાખનારો,
સબળ અંગવાળો અભિભૂતિએ ઉગ્ર
એવો શ્વેત અશ્વ તમે એદુને આપ્યો.

માટે અમે તમને હે સુજાત વીરો,
સહાયતાને માટે પ્રાર્થીએ છીએ;
અમારી પ્રાર્થનાઓથી સંતુષ્ટ થઇને
અમારા કલ્યાણને અર્થે રથે બેસી આવો. ૧૦

હે સત્ય પુરુષો, તાજા શ્યેનને વેગે
અમારી પાસે આવો, હે સજોષ,
પ્રત્યેક પ્રભાતની ઉષાને ઉદયકાળે
હવ્ય લાવીને તમને પ્રાર્થું છું. હે અશ્વિન. ૧૧

૪ આમ આવા પ્રકારના અમુક કેટલાક દેવ પ્રાચીન ભારતવાસીએ, પ્રાચીન ગ્રીકોએ, કંઇક અંશે પ્રાચીન રોમનોએ, પ્રાચીન જર્મનોએ અથવા ઇંડો-જર્મન પ્રજાના ઘણાખરા લોકોએ જે માન્યા છે, તે તેમના અતિ પ્રાચીન કાળના, ઇંડો-જર્મન પ્રજાના મૂળધર્મમાંથી ઉતરી આવેલા છે.

૫ ત્યારે, પ્રથમ તો આકાશનો દેવ તે જર્મનમાં Vater 'Zeus, ગ્રીકમાં .... લાટિનમાં Ju-piter (Dju-pater ઉપરથી)' વૈદિક દ્યૌઃ પિતા કહેવાય છે.

મળસ્કાની દેવી જર્મનમાં Leuchterin ગ્રીકમાં ...... લાટિનમાં Aurora, વૈદિકમાં ઉષસ્ કહેવાય છે.

૬ સૂર્યદેવને જર્મનમાં Himmlische, ગ્રીકમાં .... ગોથિકમાં Sauil વૈદિકમાં સૂર્ય કહે છે.

અગ્નિદેવને લાટિનમાં igni-s, પ્રાચીન શ્લાવમાં ogni, વૈદિકમાં અગ્નિ કહે છે.

૭ વાયુદેવને જર્મનમાં Woutan અથવા Odin, વૈદિકમાં વાત કહે છે; વેદકાળના આર્યો જેને રુદ્ર (ભયંકર) કહેતા તેને પછીના કાળના આર્યો મંગળ ભાષામાં શિવ (કલ્યાણકર) કહેવા લાગ્યા.

યુદ્ધનો દેવ આદિમાં માસ્-મૃત (મનુષ્યમારક) હતો, તેમાંથી મામૃત્ થયો અને

તેમાંથી સામ્યાભાસને લીધે માવૃત્, લાટિનમાં Mavort અને Mart વૈદિકમાં મરુત્ કહેવાયો.

સ્વર્ગીય કળાધરને જર્મનમાં Elfen, ગ્રીકમાં Oppeus, વૈદિકમાં ऋभु કહે છે.

નશીબ (હીંદમાં दिष्टि ભવિષ્ય ભાખવું), મૂળે પ્રારબ્ધ, સ્લાવમાં Bog, વૈદિકમાં ભગ કહેવાય છે.

પ્રાચીન ઇંડો-જર્મન પ્રજાનો ધર્મ તે પ્રકૃતિધર્મ હતો. ચારે બાજુથી સૃષ્ટિમાં અનુભવાતી શક્તિ અને તેનાં દૃશ્યો તથા તેનાં પરિણામોથી આપણા પૂર્વજો આશ્ચર્યચકિત થતા અને તેને પૂજ્યભાવે નીરખતા, એમનામાં તેઓ કંઇક ઉચ્ચ અને અલૌકિક, દૈવિક અને શાશ્વત ભાવ આરોપતા, એમની સ્તુતિ અને પ્રાર્થના કરતા, મળેલા અને મળવાના લાભ માટે એમને નૈવેદ્ય ધરાવતા, સ્વર્ગીય અતિથિઓ હોય એમ એમનું આવાહન કરતા અને એમને ખાદ્યપેય ધરાવતા, અને એમના આશીર્વાદને માટે પ્રાર્થના કરતા. આમ પ્રકૃતિ પૂજા અને પ્રકૃતિ સંસ્કાર, અને એ સૌ કરતાં યે વધારે તો ગંભીર પ્રકૃતિ ભાવના એ આ ધર્મનું તત્ત્વ હતું. એમણે પ્રકૃતિ વિષેનાં કાવ્યો-ઐશ્વર્ય અને ભવ્યતા વિષેનાં તેમ જ વળી આકાશ અને પૃથ્વીમાંથી અનુભવાતા ભય વિષેનાં અને મનુષ્યના સુખદુઃખ વિષેનાં પ્રવણશીલ કાવ્યો રચ્યાં; જો કે આનંદે અપાતાં બાહ્ય અને અંતરતમ સમર્પણ સાથે એને સંબંધ નહિ પણ હશે; છતાં યે આ પ્રકૃતિપૂજામાં એમને કાવ્યો સ્ફુર્યાં. આ પ્રકારનાં સમર્પણ-નૈવેદ્ય અને સાથે સાથે જ સહાયતા માટેની પ્રાર્થના કે જે ધાર્મિક ભાવનું બાહ્ય સ્વરૂપ હતું, એણે કાવ્યનું સ્વરૂપ લીધું; અને 'આ ઉપરથી જણાઇ આવે છે કે આપણા ધાર્મિક કાવ્યોએ એ રીતે પોતાની જડ નાંખી.'

આપણા ઇંડો-જર્મન ધર્મે પ્રાચીન ભારતમાં પોતાનો કેવો વિકાસ કર્યો, ધીરે ધીરે તેમાં કેવા ફેરફાર થતા ગયા અને પછીના જુગમાં એવા સામાન્ય ધર્મથી સંતોષ ના થતે તેમાંથી જુદા જ પ્રકારનાં નવાં નવાં સ્વરૂપો કેમ વિકસ્યાં અને પરિણામે મહત્ત્વસ્વરૂપે બૌદ્ધ ધર્મ કેમ પ્રકટ થયો એ ક્રમ હવે આપણે તપાસીએ.

ભારતનો પ્રાચીન કાળ

હવે બૌદ્ધ ધર્મની સ્થાપના સુધીના પ્રાચીન ભારતના ધર્મવિકાસ ઉપર આપણે દૃષ્ટિ [illegible] કરીએ. એ વિકાસને ઘણાં સૈકા-કંઇક ઇ૦ સ૦ પૂ૦ ૧૨૦૦ થી ઇ૦ સ૦ પૂ૦ [illegible] [illegible]-સાગ્યાં હતાં. એ જુગ આર્યોના વિજયનો અને વિસ્તારનો હતો. [illegible] ઇંડો-જર્મન પ્રજા પશ્ચિમથી નિકળીને સિંધુનદી ઉપર આવી પહોંચ્યા પછી ધીરે

ધીરે ગંગાનદિની સપાટભૂમિ ઉપર આવી અને ત્યાંથી દક્ષિણમાં તેમ જ ઉત્તરમાં હિમાલય
ઉંચી ખીણોમાં વિસ્તરી. આમ એ સૈકાઓમાં ધીરે ધીરે એ મહાદ્વીપકલ્પનો મોટો ભાગ ઈંડો-
જર્મન સાંસ્થાનિકોથી ભરાઇ ગયો. ત્યાં વસતા આદિ-વાસીઓના આ આર્યો પ્રભુ થઇ પડ્યા;
પ્રભુ થઇ પડે એવી એમની શક્તિ હતી; કારણ કે એ પોતાની સાથે સંસ્કૃતિ-ઉત્કર્ષ-લેતા
આવ્યા હતા. ત્યાર પછી સૌથી પ્રથમ સંસ્થાન સ્થાપનાનું મહત્કાર્ય શરુ થયું. ઈંડો-જર્મન
પ્રજાનાં, પ્રમાણમાં નાનાં ટોળાં અસંખ્યાત આદિ-વાસીઓમાં ભળવા લાગ્યાં. ગૌરવર્ણ પ્રજા
શ્યામવર્ણ પ્રજામાં ભેળાઇ અને મોટા વિસ્તારનાં રાજ્યો સ્થપાયાં; અને શ્યામવર્ણ પ્રજાના
જે લોક ખુણેખાચરે બરાઇ પેઠા નહિ, તે ગૌરવર્ણ પ્રજાના દાસ થઈ રહ્યા. આ વિજયનું
અને સંસ્થાન સ્થાપનાનું પ્રાચીન કાર્ય ત્યાર પછીના નવા જુગમાં વળી નવે રૂપે પાછું
મંડાયું. પૂર્વ કાળની ઈંડો-જર્મન પ્રજા ધીરેધીરે પૂર્વકાળના આદિ-વાસીઓની અંદર ભળી
જઇને કંઇક શક્તિશાળી પ્રજા બની હતી ત્યાર પછી બીજીવાર ઈંડો-જર્મન પ્રજાના એક
અંશે ફરી પાછો ભારત ઉપર અધિકાર પ્રાપ્ત કર્યો. અને જેમ આજના રાજ્યકર્તાઓ ભારત-
વાસીઓથી છુટા જ રહે છે, તેમ એ બીજી વારની સંસ્થાન-સ્થાપનામાં પણ થયું. શ્યામ-
પ્રજાથી ગૌરપ્રજાને દૂર રહેવાની અગત્ય લાગી; કારણ કે મિશ્રણથી અવનતિ થઇ હતી એમ
અનુભવે જણાયું છતાં યે આ અવનતિ ત્રણ સૈકાંને અંતે સ્વાભાવિક રીતે જ થઇ ગઇ;
પણ શરુઆતમાં એમાંથી બચવાનો પ્રયત્ન ગૌરપ્રજાએ કર્યો હતો, આ વર્ણસંકરતા અને
અવનતિ સામેના વિગ્રહમાં રક્ષણરૂપે **જાતિભેદની** સ્થાપના થઇ. બેશક, ભારતમાંનો જાતિ-
ભેદ આમ પ્રાચીન ભારતના સંસ્કૃતિવિકાસનું આવશ્યક અંગ હતું. અને આ જાતિભેદ તે
પરિણામે એમના ધર્મનો સિદ્ધાન્ત થઇ પડ્યો; વેદમાંથી પછીના જુગમાં વિકાસ પામેલા
એમના ધર્મસ્વરૂપનો એક મેરુ બન્યો; અને એ ધર્મસ્વરૂપને આપણે **બ્રાહ્મણધર્મને** નામે
ઓળખીએ છીએ.

નૈવેદ્ય-સમર્પણ-બલિદાન એ આ ધર્મસ્વરૂપનો બીજો મેરુ બન્યો. આ નૈવેદ્ય કર્મ
અમુક સ્વરૂપે સ્વાભાવિક રીતે પૂર્વે પણ હતું જ પણ વેદ પછીના જુગમાં એણે સ્પષ્ટ અને
સંપૂર્ણ સ્વરૂપ ધારણ કર્યું; અને આર્યોના પ્રવાસકાળમાં ઉંચે ચઢેલો કાવ્યધ્વની ધીરે ધીરે
લુપ્ત થતો ગયો અને કંઇક ગૂઢ કલ્પનાઓ તેમ જ કંઇક વ્યવસ્થિત નિર્ણયો ધર્મ ઉપર
પોતાની છાપ પાડતાં ગયાં તેમ તેમ આ બલિદાન પુરોહિત સંપ્રદાયને બળે ધર્મક્રિયામાં
પ્રધાન ક્રિયાનું સ્થાન પામતું ગયું.

પ્રાચીન વેદધર્મમાં જે કાવ્યધ્વની મુખ્ય હતો તે પોતાનું સ્થાન સાચવી શક્યો નહિ.
આમ શાથી થયું? પ્રકૃતિનો સ્પષ્ટ અને ધ્વનિત ભય તથા પૂજા ટળીને આમ મૂંગી

પ્રકૃતિભાવના શાથી ઉદ્ભવી ! અનેકેશ્વર-વાદમાંથી એકેશ્વરનો ઉદ્ભવ શાથી થયો ? આ વિકાસમાં, એ જેમ આગળની દિશાનું પગલું હતું, તેમ વળી એ પાછળની દિશાનું પણ પગલું હતું. વિશ્વસમસ્તની-વિશ્વૈક્યની ભાવના થઇ એટલા પુરતું એ આગળની દિશાનું પગલું હતું; પ્રાચીન દેવસ્વરૂપની ભાવના ઉડી ગઇ અને તે ઉપરની આસ્થા હુબી ગઇ એટલા પુરતું એ પાછળની દિશાનું પગલું હતું. પ્રકૃતિસમસ્તની ભાવના ઉદય પામી, આધારભૂત પાયારૂપે आत्मन् અને ब्रह्मन्‌ના વિકાસની રચના થઇ અને એ પાયામાં પૂજ્યભાવે ચણાઇ ગઇ. અને પછી પ્રાચીન કાળનું ભવ્ય દેવસ્વરૂપ માત્ર અર્ધ દેવસ્વરૂપ-અપાર્થિવ વ્યક્તિસ્વરૂપ પામ્યું. વ્યવહારપ્રદેશમાંથી નિકળીને કલ્પનાપ્રદેશમાં પ્રવેશ પામ્યું.

માનવસ્વભાવને નવું ખાદ્ય આપી આપનાર કંઇક વસ્તુને માટે ધર્મના નવા સ્વરૂપની ભૂમિકા કેવી રચાઇ એ સમજાયું હશે. ગ્રીક-રોમન પ્રાચીન જુગમાં પણ એ પ્રમાણે ફેરફાર થયો હતો, કારણ કે ત્યાં પણ સમય વીતતે પ્રાચીન દેવભાવના સમજાતી બંધ થઇ ગઇ હતી અને ત્યાંના દર્શનશાસ્ત્રો વિશ્વસમસ્તમાં અને એનાં બધાં પ્રકારનાં સ્વરૂપોમાં આત્માનું [illegible] હતું. સમુદ્રે અને પર્વતોએ કરીને બાકીના જગતથી છુટા પડી ગએલા પ્રાચીન [illegible] કરતાં જુદી જ રીતે, પછીનાં પાંચસો વર્ષમાં, ભૂમધ્ય સમુદ્રની ચારે બાજુએ [illegible] આત્માનો ત્યાં વિકાસ થયો. અલગ પડી ગએલા ઉષ્ણ પ્રદેશ કરતાં [illegible] પ્રદેશમાં માનવ-સ્વભાવનું નવું રૂપ પ્રમાણમાં મોડું અને જુદી જ રીતે [illegible] કરતાં રૂપ સ્વાભાવિક અને સ્વાસ્થ્યકર આવ્યું એમાં તો કંઇ શક [illegible] અલગ પડી ગએલી સંસ્કૃતિથી જુદી જ રીતે એ નવું સ્વરૂપ [illegible] પોતાનું કાર્ય કરે જાય છે.

[illegible], અને ઈંડો-જર્મન જાતિનો અમુક ભાગ પ્રાચીન [illegible] કરતો ઉષ્ણપ્રદેશમાં આવ્યો અને તેમાં [illegible] [illegible] એની ધર્મભાવનાનો કેવી રીતે વિકાસ થયો તે [illegible] તે એવી રીતનું માનવસ્વભાવનું રૂપ છે. [illegible] આપણા રૂપમાં અમુક વિશિષ્ટ પ્રકારનો [illegible] અમુક વિશિષ્ટ [illegible] [illegible] પામ્યા હતા. [illegible] [illegible] વિકાસમાં [illegible] [illegible]

લાગ્યો હતો; અને આજના હિંદુને પણ તે સ્વાભાવિક જ લાગે. આ મતનું મૂળ શોધવાને આપણે ભારતના આદિવાસીઓને બારણે જવું જોઈશે; જેમને ઇંડો-જર્મન પ્રવાસીઓએ જિતી લીધા હતા અને પોતાના ધર્મમાં ભેળવી દીધા હતા. પ્રાચીન વેદકાળમાં તો આપણી ઇંડો જર્મન પ્રજામાં પુનર્જન્મના મતનું કોઈ નામ નિશાન નહોતું. પણ છતાં યે પ્રાચીન ગ્રીકો મરણ પછીના જીવનને અને એવી પારલૌકિક વાતોને માનતા. વેદકાળના પછી કેટલાક વર્ષ વીતતે તો ભારતમાં એ મત સર્વત્ર વ્યાપી ગયો. આમ એ મત આદિ-વાસી-ઓનો મત હતો, ત્યાંની ભૂમિનો સ્વાદ એ ફળમાં આવ્યો હતો.

હવે ત્યારે પુનર્જન્મના મતમાં શો ભાવ રહેલો છે? એમાં બે ભાવ છે;-ઘણાખરા વિચારકો જણાવે છે એમ ધર્મના સિદ્ધ થએલા સ્વરૂપમાં એના બે ભાવ છે. એક તો, મૃત્યુ પછી જીવન ચાલુ રહેતું નથી, પણ બીજા કોઈ સ્વરૂપમાં રહે છે, અને મરનારનો આત્મા બીજી કોઈ યોનિમાં-માણસની કે કોઈ ઇતર પ્રાણીની યોનિમાં-અવતરે છે. એ મતનો બીજો ભાવ એવો છે-અને જે વધારે મહત્ત્વનો છે; ધાર્મિક વિચારકો જેને વધારે મહત્ત્વ આપે છે-તે એવો છે કે પુનર્જન્મના મત પ્રમાણે આજનું જીવન પુણ્ય ફળ કે પાપ ફળ પામશે અર્થાત્ પુણ્ય જીવો મરણ પછી સારો જન્મ પામશે અને પાપ જીવો કોઈ નબળો જન્મ પામશે. આમ પુનર્જન્મને આધારે વિશ્વ-વ્યવસ્થાની નૈતિક યોજના રચાય છે. સિદ્ધાન્ત એવો છે જે પુણ્ય જીવોને તેમ જ પાપજીવોને તેમના કર્મનાં ફળ આ જ જન્મમાં પૂરી રીતે મળી શકતાં નથી; આથી એવો જ તર્ક બાંધવો ઘટે કે આજ સુધીના જીવનને સાંધનારૂં બીજું નવું જીવન હોવું જોઈએ. વળી આ આખા મતને પરિણામે જીવનની વર્તમાન સ્થિતિનું કારણ પણ સ્પષ્ટ થાય છે; જીવે ગયા અવતારમાં જે પુણ્ય કર્મ કર્યાં હોય તે ઉપર એના આ જન્મના સારા ફળનો આધાર છે, અને તેવી જ રીતે આ જન્મનાં નબળાં ફળ તે ગયા જન્મનાં પાપકર્મને લીધે છે. એ મત પ્રમાણે અનેક જન્મ થાય છે અને એને પરિણામે વર્તમાન જન્મનું કારણ કેવું કલ્પાય છે એનું હાસ્યજનક ઉદાહરણ આપું. જ્યારે

એવી સમજને લીધે વર્તમાન સ્થિતિમાં સંતોષ માને છે. બુદ્ધ અને મહાવીરના સમયમાં જો કોઇ એક અથવા અનેક પૂર્વજન્મને સારી પેઠે સમજી શકે તો તે માન્ય ગણાતું.

આમ પુનર્જન્મનો મત પરલોકને લગતો નૈતિક ધાર્મિક મત છે. પ્રથમ તો, એ આત્માની અમરતાનું પ્રતિપાદન કરે છે, કારણ કે મૃત્યુથી કંઇ જીવનનો અંત આવતો નથી; અને પછી, જગતની નૈતિક વ્યવસ્થાનું પણ પ્રતિપાદન કરે છે, કારણ કે જીવનું પ્રારબ્ધ એના કર્યા કર્મ ઉપર આધાર રાખે છે. આમ ગણતાં છતાં યે, ખરેખર આ મત આપણને અદ્ભુત અને વિચિત્ર લાગે છે. એ મતે લખચોરાશીમાં ફરતા માણસે પશુમાં જવું પડે, પણ આપણી ભૌતિક વિદ્યાને મતે તો પૃથ્વી ઉપરનું પ્રાણી-જગત સૌથી નીચેથી શરૂ થયું હતું અને પશુ તથા મનુષ્ય વચ્ચે કશો તાત્ત્વિક ભેદ નથી. આપણે દૂરના અને અંતિમ આધારરૂપ આ પરલોકને નહિ માની શકીએ, અને તેથી આપણે આ લોકને મહત્ત્વ આપ્યું છે, તથા ઉચ્ચ અને સ્વતંત્ર ભાવનાને વસ્તુસ્થિતિના સાંકડા ખૂણામાં દબાવી દીધી છે. આપણને એ સુંદર અને ભવ્ય લાગતું હશે, પણ તે માત્ર પોકળ છે અને ટુંકી દૃષ્ટિનું છે.

બુદ્ધ પૂર્વેના ભારતમાંનો ધાર્મિક ઇતિહાસ તપાસતાં આપણે વિશિષ્ટ પ્રકારના ધર્મમતને બારણે-પુનર્જન્મના મતને-બારણે આવી પહોંચ્યા. ત્યાં આગળ નવી જીવનચર્યાના વિશિષ્ટ આશ્રમની ઓળખાણ થાય છે. વિધિ એવો છે જે ઉત્તરાવસ્થામાં માણસે જગતમાંથી જીવનને સંકેલી લઇને વનમાં જઇને વાસ કરવો જોઇએ વળી એવો પણ વિધિ છે જે વૃદ્ધાવસ્થામાં એણે ઘર વહેવાર પોતાના પુત્રોને સોંપી દેવો જોઇએ અને વનમાં ચાલ્યા જવું જોઇએ. જીવનની ઉત્તરાવસ્થાનો જે આશ્રમ એનું નામ વાનપ્રસ્થ-વનમાં જઇ રહેવું તે-છે; અને એ આશ્રમમાં રહીને માણસે જે આધ્યાત્મિક સાહિત્યનો અભ્યાસ કરવાનો છે એને આરણ્યક-વનગ્રંથો-કહે છે. વળી વ્યવસ્થિત રીતે સ્થપાએલા મઠમાં કે વિહારમાં રહીને પણ જિજ્ઞાસું અભ્યાસ કરતો. ભારતના સાધુસંઘમાંથી વિકાસ પામીને આ મઠ અને વિહાર સ્થપાયા હતા અને એમની સ્થાપના બુદ્ધ પૂર્વે થોડા જ સમયથી થવા લાગી હતી. વનમાં જઇને એકાન્તમાં રહેવાને બદલે વયોવૃદ્ધ પુરુષો કોઇ પ્રખ્યાત મઠમાં જઇ રહેતા ને પછી તે એ મઠના ગુરુ અને અધિષ્ઠાતા બનતા. એવા ઉલ્લેખ છે કે બુદ્ધ જ્યારે ઉપદેશ કરવા વિચર્યા ત્યારે આવા અનેક મઠાધિષ્ઠાતાઓ પોતાના શિષ્યમંડળ સાથે એમને શરણે ગયા અને એમનો પોતાનો સાધુસંઘ રચવામાં એમને સહાયક થયા.

ત્યારે, ભારતમાં પ્રાચીન મઠમાંથી વિકાસ પામીને સાધુસંઘ કેવી રીતે રચાયા એ આપણે જોયું. પણ આ મઠને પણ પોતાનો વિશિષ્ટ ઇતિહાસ છે. વાચકને પોતાને ખબર

હશે કે દૈહ્યચલાન્તમાં (જેને અંગ્રેજીમાં જર્માન કહે છે તેનાં) અનેક પ્રાન્તોમાં આવી
પ્રણાલી છે. ગૃહપતિ જ્યારે ઉત્તરાવસ્થાએ પહોંચે છે ત્યારે પોતાનાં ઘરબાર જ્યેષ્ઠ પુત્રને સોંપી
સંસારમાંથી સરી જાય છે; ભારતવાસીઓ જેને વાનપ્રસ્થ કહે છે એ આ અવસ્થાને કહી
શકાય. હવે આપણામાં આ માત્ર સાંસારિક રૂઢિ રિવાજ, પ્રથા રહી. ભારતમાં સૌ વસ્તુ
ઉપર ધાર્મિક રંગ ગદે છે, તેથી એ રૂઢિ ધર્મ પ્રદેશમાં પ્રવેશ પામી, એને ધાર્મિક વિધિ
અપાયો અને વ્યવસ્થાએ કરીને પૂર્ણ વિકાસ આપવાના પ્રયત્ન થયા. આમ જે રૂઢિ પ્રાચીન
ઈંડો-જર્મન પ્રજામાં હતી તે ભારતમાં જઇ ધાર્મિક વિકાસ પામી, તેમાંથી વાનપ્રસ્થ આશ્રમ
ખીલ્યો અને તેમાંથી મઠ થયા.

સાંસારિક ધાર્મિકતાની સાથે સાથે જ જે પ્રાચીન વિકાસ થયો તેને પરિણામે ભારતમ
આમ સાધુજીવનની યોજના થઇ અને તેને અત્યંત મહત્ત્વ અપાયું. આ વિકાસથી બુદ્ધ
તથા મહાવીરના ધર્મ સાથે ખ્રિસ્તિ ધર્મને ભાવનામાં મહત્ત્વનો વિરોધભાવ વિકસ્યો. પૂર્વના
ધર્મ સંસારમાંથી પલાયનના, વૃદ્ધાવસ્થાના, ત્યાગના-ટુંકામાં સંન્યસ્તના-છે, પશ્ચિમનો ધર્મ
સંસારકાર્યનો, યુવાવસ્થાનો, પુરુષાર્થનો, આશાનો-ટુંકામાં દેવળનો ધર્મ છે. બુદ્ધના અને
મહાવીરના ધર્મમાં મઠ-અથવા આપણા ગઠને મળતું કંઇક-મધ્ય બિંદુએ છે. ખ્રિસ્તિ
ધર્મમાં મધ્યબિંદુએ દેવળ છે.

મહાવીર અને બુદ્ધ.

અત્યાર સુધીની ચર્ચાથી આપણે એ કંઇક જાણી શકીએ છીએ કે મહાવીર અને બુદ્ધના
મોં કયી ભૂમિકામાંથી સ્ફુર્યા. એમની પાછળના અંતર્પટમાં પ્રાકૃતિક શક્તિઓની ઇંડો-જર્મન
ાદિક ભાવનાની પૂજા છે-એટલે કે કાવ્યમય અનેકેશ્વર વાદ છે. આમાંથી અંદરની બાજુએ
એકતા સાધવાના પ્રયત્નો થાય છે અને અદ્વૈતવાદની દિશાઓ શોધાય છે. ત્યારે વળી બહા-
રની બાજુએ બળિપૂજાનું જોર થાય છે. સાથે સાથે સમાજમાં વર્ણવિભાગ પણ યોજાય છે.
વળી વિકાસ થતે થતે પુનર્જન્મનો મત પ્રકટ થાય છે અને પ્રાચીન અભ્યાસને બળે આ
શ્રમ-સંસ્થાઓ અને સાધુજીવન વિકાસ પામે છે. આની સાથે બધા પ્રદેશોમાં ચંચળતા આવ
જાય છે, નવા આદર્શો કલ્પાય છે-બધી દિશાઓમાં દૃષ્ટિ જાય છે, અને પરિણામે નવ
આદર્શો યોજાય છે.

ક્રાઇસ્ટ પૂર્વેના છઠ્ઠા સૈકામાં નવનવા મતો પ્રકટી નિકળે છે. પુરોહિત સંસ્થાથી ક
એના બલિધર્મથી કંટાળેલા અનેક વિચારકો તેમની સામે પોકાર ઉઠાવે છે અને એવો ધ
શીખવવાના પ્રયત્ન કરે છે કે જેથી એક બીજાની વિરુદ્ધ જતા અનેક મતોને એક સંપ્ર

ગમાં [illegible] [illegible]
અનેક ([illegible]) [illegible]
વિચારકોના નામ [illegible]
કાળના એ [illegible] પ્રબળ [illegible] છે. [illegible] એમના વિચારો
સ્થાપી શક્યા છે. ને આજ સુધી [illegible]
અને આચારો પ્રબળ રૂપે કામ કરી રહ્યા છે [illegible]
હજારો સાહિત્ય-ગ્રંથો રચાતા રહ્યા છે. આ બે પુરુષો, એમના સ્થાપેલા [illegible] આજ સુધી
જીવતા રહેલા સંઘે કરીને અને એ સંઘોને [illegible] કરીને, [illegible]
આપે છે અને દૂર દૂરના [illegible] સમાન [illegible] છે; ત્યારે એમના સમયના
બીજા ધાર્મિક આન્દોલન કરનારાઓને આપણે [illegible] રીતે અને [illegible]
છીએ, એટલે કે માત્ર [illegible] રૂપે જ પ્રકાશે છે.

૧. નામ નિર્દેશ.

આ બે મુખ્ય આત્માઓ કોણ હતા ? આ બે ધર્મ સંસ્થાપકો કોણ હતા ? એ બંને પૂજ્ય નામોએ કરીને ઓળખાય છે; પહેલા ઇ. સ. પૂ. ૫૭૦ ના અરસામાં જન્મ્યા હતા અને **મહાવીરને**–એટલે કે મોટા વિજેતાને–નામે ઓળખાય છે. તથા બીજા ઇ. સ. પૂ. ૫૫૦ ના અરસામાં જન્મ્યા હતા અને **બુદ્ધને**–જ્ઞાનીને–નામે ઓળખાય છે. આવા જ પ્રકારનાં બીજાં નામો પણ એમનાં છે. એ બંનેને **અર્હન્ત** (પૂજ્ય), **ભગવન્ત** (પ્રભુ), અથવા **જિન** (જિતનાર) પણ કહે છે. તે ઉપરાંત મહાવીરની **તીર્થંકર** સંજ્ઞા અને બુદ્ધની **તથાગત** સંજ્ઞા બહુ લોકપ્રિય અને પ્રચલિત છે. તીર્થંકરનો શબ્દાર્થ **તારણહાર** એટલે કે મુક્તિને માર્ગે ચઢાવનાર એવો થાય છે અને ભાવાર્થ **માર્ગદર્શક** અથવા **ભોમિયો** એવો થાય છે; તથાગતનો શબ્દાર્થ **એમ ગયા તે**–એટલે કે સાચે **માર્ગે ચઢ્યા તે** એવો થાય છે અને તેથી તેનો ભાવાર્થ **આદર્શરૂપ** અથવા **આદર્શભૂત** એવો થાય છે. આ બધાં નામ ઘણું કરીને એ બે ગુરુઓના પૂજકો ને શિષ્યો હમેશાં વાપરે છે. વળી કોઇ કોઇવાર જે જાતિમાં એમનો જન્મ થએલો તે જાતિના નામ ઉપરથી પણ એ ઓળખાય છે; અને એમાં ઉત્તમ કુળમાં એમના જન્મ્યાની ભાવના છે. મહાવીર જ્ઞાતૃકુળમાં અને બુદ્ધ શાકયકુળમાં જન્મ્યા હતા, તેથી મહાવીરને **જ્ઞાતૃપુત્ર** અને બુદ્ધને **શાકયપુત્ર** કહે છે. અને ત્યાર પછી આ બીજી સંજ્ઞા શાકયપુત્ર ઉપરથી બુદ્ધને વળી **શાકયમુનિ** (–શાક્યવિચારક) એટલે કે શાકયકુળમાં ઉત્પન્ન થયેલા જ્ઞાની પુરુષ એમ પણ કહે છે. બુદ્ધ સંજ્ઞા ઉપરાંત આ સંજ્ઞા બહુ પ્રચલિત થએલી છે,

૧ નામ નિર્દેશ

આપણા ધર્મસંસ્થાપકોમાં એ એ નામે વધારે પ્રખ્યાત છે. પણ વળી મહાવીરને અને બુદ્ધને
એમના ઘરમાં વડીલો અને ભાઇ-બેનો અને મિત્રો કયે નામે બોલાવતા એ પણ આપણે
જાણવું જોઇએ. મહાવીરનું નામ **વર્દ્ધમાન** (વધતા જતા) હતું અને બુદ્ધનું નામ **સિદ્ધાર્થ**
(ભાગ્યશાળી) હતું. જ્યારે આપણે સંજ્ઞાઓ વિષે વિચાર કરવા બેઠા છીએ ત્યારે તો
હજી એ પણ નક્કી કરવું જોઇએ કે મહાવીરના અને બુદ્ધના અનુયાયીઓ કયે નામે ઓળ-
ખાતા અને ઓળખાય છે. (લાટિન) ખ્રિસ્તુસ ઉપરથી ખ્રિસ્તિઆનુસ (ફ્રેંચ chretien)
અને જર્મન ખ્રિસ્ત તથા મોહમદ ઉપરથી મોહમદનર શબ્દો જેમ આપણે યુરોપમાં યોજ્યા
છે તેમ જ બુદ્ધ ઉપરથી એમના અનુયાયીઓને માટે **બુદ્ધિસ્ટ** શબ્દ યોજ્યો છે. ખુદ હિંદુસ્થા-
નમાં બ્રાહ્મણધર્મિઓ બુદ્ધના અનુયાયીને **બૌદ્ધ** કહે છે અને મહાવીરના અનુયાયીને એમના
ઉપનામ **જિન** ઉપરથી **જૈન** કહે છે, જેને આપણે **જિનિસ્ટ** કહી શકીએ. મહાવીરના
અનુયાયીને માટે હિંદુસ્થાનમાં વપરાતો **જૈન** તેમજ યુરોપમાં બનેલા **બુદ્ધિસ્ટ** શબ્દને
અનુસરીને **જિનિસ્ટ** એ બંને પારિભાષિક શબ્દો આપણે હાલ વાપરીએ છીએ; અને તેવી
જ રીતે મહાવીરના ધર્મ સંબંધે આપણે જ્યારે બોલીએ છીએ ત્યારે પણ **જૈનધર્મ** તેમ જ
(જર્મન) **જિનિસ્મુસ** એ બે પારિભાષિક શબ્દો વાપરીએ છીએ.

આટલાં બધાં નામ જ્યારે હું ગણાવી ગયો ત્યારે વાચક કહેશે જે 'નામ તો રાખ
ને ધુમાડો' છે. પણ છતાં યે અમુક નામ તો રાખ ને ધુમાડા કરતાં વધારે છે એમ એનું
પારખું કરતાં જણાશે. **પૂજ્ય** અને **માર્ગદર્શક** જેવાં ઉપનામોમાં પણ ભાવ તો છે જ
અને વળી જો સાચી રીતે સમજવામાં આવે તો **બુદ્ધ** અને **મહાવીર** એ મુખ્ય નામોમાં
એથીએ વધારે ભાવ રહેલો છે.

બુદ્ધ એટલે જેણે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે એને આપણે **જ્ઞાની** કહીએ. મહાવીર એટલે ?
મોટો વિજેતા એ નામ આપણને બીજી જ દિશાએ દોરે છે. સાધુઓમાં વીર તો એ જ
છે, જે સૌથી વધારે કષ્ટો સહન કરી શકે, જે તપશ્ચર્યામાં બહુ આગળ વધી શકે; એટલ
માટે મહાવીરનો લગભગ અર્થ **મહાતપસ્વી** એવો થઇ શકે. પ્રાચીન ભારતમાં તપ
સંબંધે વિચાર થતાની સાથે **વીરસ્થાન** સંબંધે પણ વિચાર થતો જ, અને એનો અર
તપશ્ચર્યા થતો. એટલે કે વનમાં નિશ્ચળ બેસવું અને પોતે વીર રૂપે સિદ્ધ થવું તથા હવ
પાણીનાં અને બીજાં કષ્ટોની કશી પરવા ના કરવી. સ્વાભાવિક રીતે જ આનો હેતુ એ
નહોતો કે પોતાનું વીરત્વ જગજાહેર કરવું, પણ કષ્ટથી પોતાના શરીરનું દમન કરવું. એટલ
જ માટે બુદ્ધ એ **જ્ઞાની**, ને મહાવીર એ **મહાતપસ્વી**. અને તેથી એ બે મહાપુરુષોનાં લક્ષણ
એકંદરે ખરી રીતે મોટો તફાવત તરી આવે છે. મહાવીર છેવટ સુધી ખરા તપસ્વી

અને [illegible] જ એમના [illegible]
નનાં [illegible] આ [illegible]
પણ [illegible] એમને જ્ઞાન [illegible]
બીજી [illegible]
આવે એવું એમને જ્ઞાન [illegible]
વધારે જ્ઞાની હતા અને તેથી સાચી રીતે જ એમને જ્ઞાની [illegible]
તેટલી જ સાચી રીતે એમના [illegible] સમકાલીન [illegible] મહાતપસ્વી [illegible]

૨. તપસ્ અને શ્રમણ.

ઇતિહાસકારો [illegible] આગળે પ્રથમ તપસ્ સંબંધે વિચાર કરીએ. [illegible] એ તપસ્
આખો જન્મારો આગયું. [illegible] સાધુજીવનનાં પહેલાંનાં [illegible] આગળ. તપસ્ શબ્દમાં
ભારત-વાસીઓની ભાવના અતિ વિશાળ છે. તેઓ [illegible] પ્રકારના [illegible] અને આત્મશાસનનો
તેમ જ કાયક્લેશનો આ તપસ્માં સમાવેશ કરી લે છે. ઇંદ્રિયોને દમવી, સ્વાભાવિક લાલ-
સાઓ અને આત્મચાંચલ્ય ઉપર વિજય મેળવવો, આત્માને સહનશીલ બનાવવો અને દેહના
તેમ જ સંસારના વિલાસોની વાસનાઓની અને પ્રલોભનોની લાગણીઓથી મુક્ત થવું એ
તપસ્નો આશય છે. અંદરનો પુરુષ (આત્મા) પોતાના ઉગ્ર પ્રયાસોથી પાર ઉતરવાને,
ઇંદ્રિયોએ અને સંસાર જીવને કરીને ઉત્પન્ન થએલાં બંધનોથી બળપૂર્વક પોતાનું રક્ષણ કર-
વાને ઇચ્છે છે. ભારતવર્ષમાં તપસ્ને માટેના આ ઉંચા પ્રયાસોએ અનેક પ્રકારનાં સ્વરૂપ
ધારણ કરેલાં છે. તપ અમુક પ્રકારનું પુણ્યકર્મ છે, અને એ રીતે અસ્વાભાવિક બળ આપે
છે તથા પરલોકમાં ફળ આપે છે. મનુષ્ય જાતે કરીને સંયમ અને કષ્ટ ઉપાડી લે તો તેથી
આ જન્મમાં પવિત્રતાની છાયા પામે છે ને મૃત્યુ પછી ઉંચા પ્રકારનું સુખ પામે છે. આ
ભાવના આપણને આજે નવી જેવી લાગે ખરી, પણ છતાયે ઇંડો-જર્મન પ્રજાની પ્રાચીનકાળે
બંધાએલી અતિપ્રાચીન ધર્મભાવનાને આધારે ઘડાએલી છે અને એનાં ચિન્હ પ્રાચીન જર્મન
આચારોમાં પણ ઉતરેલાં છે. ઇંડોજર્મન લોક માનતા હતા કે જે આધ્યાત્મિક પુણ્ય જાતે
ઉપાડી લીધેલા કષ્ટે કરીને કે એવે બીજે માર્ગે પ્રાપ્ત કરી શકાય છે અને ખાસ કરીને
દુઃખ પડતાં પાપમુક્તિ-પારલૌકિક સહાયતાને આધારે-દેવોની સહાયતાએ પ્રાપ્ત કરી શકાય છે.
લોકો પુણ્યને માટે કે પાપમુક્તિને માટે દેવો તરફ નજર કરતા અને સંકટથી રક્ષણ પામ-
વાની આશા એમના તરફથી રાખતા. સંસારની નૈતિક વ્યવસ્થાને માટે દેવોની પ્રાર્થના
કરતા, કારણ કે તેઓ એ વ્યવસ્થાના રક્ષક હતા. એ લોકો દેવો પ્રત્યેની આ સંકટ-પ્રાર્થના

ને 'દેવો ઉપર આગ્રહ' એ નામે ઓળખના તથા પ્રતિજ્ઞા પડે એ આગ્રહ સફળ કરતા. પ્રતિજ્ઞા આ પ્રમાણે હતી; અમુક અમુક પુણ્ય પ્રાપ્ત કરવાની પ્રતિજ્ઞા લેઉં છું–અથવા પાપમુક્ત થવાની પ્રતિજ્ઞા લેઉં છું, ને તેમાં દેવોની સહાયતાની આશા રાખું છું.

'દેવો ઉપર આગ્રહ' એવા ભાવના શબ્દો હજી ગ્રીક ભાષામાં છે: O'mynmi Tou's Veovs દેવો સાથે પ્રતિજ્ઞા લેઉં છું (? દેવોને શપથ–પ્રતિજ્ઞા દેઉં છું ?); 'દેવો ઉપર આગ્રહ' ને માટે એ જ ભાવમાં સંસ્કૃત ભાષામાં तमू अमीति–अम्=ગ્રીક O'm એ શબ્દો છે. પ્રતિજ્ઞાને સંસ્કૃતમાં सत्यकार (આમ કરીશ) કહે છે.

અહીં આ સ્પષ્ટ કરેલી શ્રદ્ધા ઉપર જ માની લીધેલા દૈવનિર્ણયનો આધાર હતો અને એ લોક માનતા કે પાપ મુક્ત થએલો આત્મા સંકટમાંથી મુક્ત થાય છે અને જેણે એને એ સંકટમાં આણી મુક્યો હોય તે મૃત્યુ પામે છે. ઉપરથી સહાયતા મળે છે અને એને લીધે જ પુણ્ય, ત્યાગ, પાપમુક્તિ, પવિત્રતા વગેરે પ્રાપ્ત થઇ શકે છે એ શ્રદ્ધાએ ભારતમાં એવું સ્વરૂપ પકડયું કે અમુક અમુક પ્રકારનાં તપથી જ ઉંચાં કર્મો બંધાઇ શકે. પણ એમ તો કહી શકાય નહિ કે મહાવીરે અને બુધ્ધે પ્રત્યક્ષ રીતે આ ભાવના ઉપરથી પોતાની ભાવના રચી કાઢી. ઉલટું એ તો, તપથી પ્રાપ્ત થતી આ લોકની કીર્ત્તિને કાજે કે પરલોકના સુખને કાજે જે લોક તપ આદરે છે તે લોકને વખોડી કાઢે છે. ત્યાગથી અને કાયક્લેશથી આ લોકમાં કે પરલોકમાં સુખ પ્રાપ્ત કરવું કે આ લોકમાં કીર્ત્તિ પ્રાપ્ત કરવી એ એમનો આશય નહોતો, મુક્તિ એ જ એમનો આશય હતો. ભારતના તે સમયના ધાર્મિક દર્શનની એક નવી ભાવના–જેના સંબંધમાં મહાવીરે અને બુધ્ધે પણ વિચાર કર્યો છે એ ભાવના–મુક્તિ અથવા મોક્ષની ભાવના આગળ આપણે આવી પહોંચ્યા. પણ એ ભાવના વિષે આપણે સ્પષ્ટ રીતે વિચારીએ તે પહેલાં મહાવીરે અને બુધ્ધે તપ સંબંધે કેવી કેવી ભાવનાઓ બાંધેલી તે પ્રથમ વિચારી લેઇએ. બંને ઉત્તમ કુળમાં જન્મ પામ્યા હતા, બંને પોતાના જ કુટુમ્બમાં ઉછરીને મોટા થયા હતા અને બંને આશરે ત્રીશ ત્રીશ વર્ષના સંસારવ્યવહારથી છેક કંટાળી ગયા હતા, એવા કંટાળી ગયા હતા કે આખરે સાધુ થઇ ગયા; અને બંનેએ અતિ આતુરતાથી અને પોતાના પરિપૂર્ણ પુરુષાર્થથી તપશ્ચર્યા આદરી. પણ તપ એમને તો પત્થર હતો. મહાવીર એમાં પાર ઉતર્યા અને એને અનુસરીને પોતાનો … એ જ એમની માર્ગદર્શક ભાવના થઇ પડી. એથી ઉલટું બુદ્ધ … એની પાર નિકળી ગયા અને એમને એથીયે ઉંચા પ્રકારની … ની

એ ભાવના એવી હતી, કે જેની ભારતમાં કોઇને ખબર નહોતી. બુદ્ધ ત્યાર પછી એ જ
ભાવનાએ પ્રેરાયા અને એને અનુસરીને એમણે પોતાનો ધર્મ યોજ્યો. એમનો બધો આધાર
માર્ગદર્શક ભાવના ઉપર હતો. કારણ કે નૈતિક સિદ્ધાન્તોમાં અને ધાર્મિક ભાવનાઓમાં તો મહા-
વીર અને બુદ્ધ બંને લગભગ સરખાં હતાં; મુખ્ય વિષયોમાં તો એકમત જ હતા; એટલું જ
નહિ પણ એમના સમયના બીજા વિચારકોના નૈતિક અને ધાર્મિક અભિપ્રાયો સાથે પણ એ
બંને એકમત હતા. તે વખતના મુખ્ય ધર્મના–બ્રાહ્મણ ધર્મના–આચાર્યો પણ પોતાના નૈતિક
અને ધાર્મિક મતોમાં આમનાથી બહુ જુદા નહોતા માત્ર આચાર્યો જ્ઞાતિભેદના સંકુચિ-
તપણાએ કરીને અને યજ્ઞમાં પશુઓને મારી હોમવાના ધર્મે કરીને બંધાઇ પડયા હતા.
એ જ ધર્મ આ સાધુઓને એકેવારે પાપકર્મ લાગ્યું, કારણ કે માણસની કે પશુની
હિંસાને સૌથી ભ્રષ્ટ પ્રકારનું પાપ એ માનતા હતા.

આમ એમનો બધો આધાર માર્ગદર્શક ભાવના ઉપર હતો. આ ભાવના નીચે બીજી
બધી ભાવનાઓને કેવી રીતે લાવી શકાય છે એ જોવું હોય તો મહાવીર તરફ દૃષ્ટિ કરવી.
'તું હિંસા કરતો ના' વગેરે પાંચ આજ્ઞાઓમાં પણ જે નીતિધર્મ નથી સમાઇ શકતો તે બધો
નીતિધર્મ તપના કેન્દ્રબિંદુમાં સમાઇ જતો એમને દેખાયો. આહારમાં, વસ્ત્રમાં, અને અન્ય
વિષયમાં જે જે સંયમ પાળવાની આજ્ઞાઓ બ્રાહ્મણધર્મને મતે તપની વિશાળ ભાવનામાં
આવી જાય છે એ સૌની મહાવીર બાહ્ય તપમાં ગણના કરી લે છે, અને એ ઉપરાંત એની
ભાવનામાં બીજી કેટલીક કઠણ વાતો પણ ઉમેરે છે; બધા પ્રકારના આચારોથી અને વ્રતોથી
તેમ જ વળી વીરસ્થાન કે જેને વિષે આગળ હું બોલી ગયો છું તે વડે પણ શરીરને કસવાની
એ આજ્ઞા કરે છે. વળી આ વાત તો એમણે છેક નવી આણીઃ તપનાં આ બધાં ઓછાંવધતાં
કઠણ બાહ્ય સ્વરૂપના જેવાં જ આન્તર તપનાં કેટલાંક સ્વરૂપો યોજ્યાં અને વિનય સેવા
વગેરે સર્વસામાન્ય આચારો, તેમ જ ધ્યાન વગેરે સાધુઓને માટેના વિશેષ આચારો, પણ
એમણે તપમાં મુકયા. એ ઉપરાંત જેને એ લોક આત્મસંયમ કહે છે અને જેને આપણે
સર્વથા આન્તર તપમાં મુકવાનું કરીએ, એને મહાવીરે બાહ્ય તપમાં મુકયો છે. એટલે
વળી એક પ્રકારે તો આપણને એમ લાગે કે તપમાં બાહ્ય અને આન્તર સ્વરૂપ વચ્ચેનો
જે ભેદ કરેલો છે તે કંઇ છેક સાચો ભેદ નથી; છતાં તે બાબતની ટીકા કે ચર્ચા કરવા
કરતાં તપનું આખું વર્ગીકરણ આપીશ અને છેવટનો નિર્ણય વાચકના હાથમાં છોડી દઇશ.
જૈનગ્રંથોમાં એ વર્ગીકરણ બે જગાએ આપેલું છે; પહેલા ઉપાંગમાં (Abhaudlungen
für die kude des morgenlan des VIII 2, 1883, p. 38–44) અને
પાંચમા અંગમાં. . .

૨. તપસ્ અને સમ્યક્

બાહ્ય તેમ જ આન્તર તપ દરેકને ૭ ૭ અંગ છે. બાહ્યનાં આ પ્રમાણે છે.

૧ અનશન=અમુક દિવસ સુધી ના ખાવું તે.

૨ અવમોદરિક=થોડું ખાવું તે, ભાવાર્થ કે આહાર, વસ્ત્ર વગેરેમાં આત્મસંયમ, વળી બહારના બીજા વિષયોમાં આત્મસંયમ (એટલે કે આત્મશાસન) અને બીજાને કોઇ પણ કોલાહલ કરવામાં સંયમ.

૩ ભિક્ષાચર્યા=ભિક્ષા માગવા નિકળવું તે.

૪ રસપરિત્યાગ=સ્વાદ ઉપર સંયમ.

૫ કાયક્લેશ=શરીરને કસવું તે, ભાવાર્થ કે આસનવાળી નિશ્ચળભાવે બેશી રહેવું, વસ્ત્ર રખું નહિ, સુંઢવું નહિ, અને બધી શરીરક્રિયા ઉપર સંયમ રાખવો અને એમ કરીને કાયા કસવી તે.

૬ પ્રતિસંલીનતા=પોતાની અંદર ધ્યાન વાળવું, ભાવાર્થ કે બધા વિચારોને અને લાગણીઓને બને તેમ દબાવીને એકાન્ત સ્થળે અમુક સમય સુધી બેસવું તે. કાચબો જેમ પોતાના અંગ સંકોચી લે છે એમ માણસે સારા વિચારમાં ઉતરવાને માટે, બાહ્ય જગતમાંથી પોતાનું મન સંકેલી લેવું.

આન્તર તપનાં ૭ અંગ આ પ્રમાણે છે.

૧ પ્રાયશ્ચિત્ત=સારા થવાના વિચાર કરવા તે. ભાવાર્થ કે પસ્તાવો કરવો તે.

૨ વિનય.

૩ વૈયાવૃત્ય=સેવા કરવા તૈયાર રહેવું તે.

૪ સ્વાધ્યાય=અધ્યયન

૫ ધ્યાન.

૬ ઉત્સર્ગ=સંસારમાંથી આત્માને સંકેલી લેવો તે, ભાવાર્થ કે જન્મમરણની ઘટમાળાનું જે દુઃખ, તેમાંથી અર્થાત્ સંસારમાંથી મુક્ત થવું તે.

આવી ભાવના ઉપરના બધા માનસિક પ્રયત્નો કંઇક અસાર અને રૂક્ષ જનક લાગશે અને તેથી વાચકના મન ઉપર વખતે આ આખા વર્ગીકરણથી સંતોષજનક અસર નહિ પણ થશે. પણ છતાં એ મહાવીરના અને પરોક્ષ રીતે બુદ્ધના વ્યક્તિત્વ વિષે તો ખાસ ખ્યાલ આવ્યા વિના નહિ જ રહેશે. મહાવીરને શારીરિક અને સાંસારિક પ્રલોભનોમાંથી બળ પૂર્વક મુક્ત થવું છે, અને તેથી પોતાના બધા નૈતિક અને ધાર્મિક પ્રયત્નોને તપની ભાવ-

નીચે એ આણી મૂકે છે: પણ [illegible] અને મહાત્માઓ [illegible] કે [illegible] તેને પણ એ આત્મસંયમમાં, આત્મશાસનમાં અને આત્મનિગ્રહમાં આવતું કરે છે. ટૂંકમાં કહીએ તો સૌ આત્મામાં લાવી દે છે. બુદ્ધે જ્યારે પોતે [illegible] કર્યું કે તપ એ [illegible] મિથ્યા પરિશ્રમ છે, ત્યાર પછી એનો ત્યાગ કર્યો. અને તેથી એમણે મહાવીરની પેઠે સૌ તપનો તપમાં સમાવેશ ના કર્યો; અને ના કરે એ તો દેખીતી વાત છે. એમણે પણ પ્રામાણિકતાની જરૂર માની છે, આત્મસંયમ અને આત્મશાસનની સ્તુતિ કરી છે; શરીરને કસનારી એવા પ્રકારના સંયમવાળી અને કષ્ટ દેનારી ક્રિયાઓ,-જેને લોક સામાન્ય રીતે તપ સમજતા અને જેને મહાવીરે બાહ્ય તપમાં ગણી છે એવી ક્રિયાઓનો—આત્મનિગ્રહનો-માત્ર એમણે અનાદર કર્યો. પણ એમના પ્રયત્નોને પરિણામે એમને એક નવી અને એથી સારી મહાભાવના-વધારે દયાભરી ભૂમિકા-જડી આવી અને એ જ સાચા મહત્ત્વની વાત છે. આને માટે માર્ગ દર્શક શબ્દ જે એમણે વાપર્યો, તે તપસ્ નહિ પણ સમ્યક્ શબ્દ છે અને એનો અર્થ યથાર્થ અથવા શુભ છે. સૌ વિચાર, સૌ ઉચ્ચાર અને સૌ આચાર યથાર્થ અથવા શુભ હોવા જોઈએ. ભારતમાં બધા વિચારોને વ્યવસ્થા પૂર્વક ગોઠવવાનો સંપ્રદાય છે, તેવી જ રીતે બુદ્ધે પણ પોતાના વિચારોના વર્ગીકરણની વ્યવસ્થા કરી છે-એમણે આઠ પ્રકારના સમ્યક્-વર્ગ પાડયા છે, પણ તે મહાવીરના બાર પ્રકારના તપસ્-વર્ગથી જુદી રીતના છે. સમ્યક્‌ના આ વર્ગીકરણને-અથવા એથી જે ભાવ સમજી શકાય છે એને આર્ય અષ્ટાંગિક-માર્ગ કહે છે. એ આ પ્રમાણે છે.

૧ સમ્યગ્-દૃષ્ટિ=યથાર્થ જોવું તે અથવા યથાર્થ આસ્થા.
૨ સમ્યક્-સંકલ્પ=યથાર્થ ઇચ્છા અથવા યથાર્થ નિશ્ચય.
૩ સમ્યગ્-વાક્=યથાર્થ શબ્દ અથવા યથાર્થ વચન.
૪ સમ્યક્-કર્મ=યથાર્થ કર્મ અથવા યથાર્થ પ્રવૃત્તિ.
૫ સમ્યગ્-આજીવ=યથાર્થ જીવનચર્યા અથવા યથાર્થ જીવન.
૬ સમ્યક્-પ્રયત્ન=યથાર્થ પ્રયત્ન અથવા યથાર્થ પુરુષાર્થ.
૭ સમ્યક્-સ્મૃતિ=યથાર્થ સ્મૃતિ અથવા યથાર્થ ભાન.
૮ સમ્યક્-સમાધિ=યથાર્થ ધ્યાન અથવા યથાર્થ આત્માનિમજ્જન.

ઉપર વર્ણવેલી સ્થિતિનું એક પરિણામ એ આવ્યું કે મહાવીરે અને એમના શિષ્યોએ તપને જે મહત્વ આપેલું તે બુદ્ધે અને એમના શિષ્યોએ ઓછું કરી નાખ્યું છે; અને તેથી જૈનો બૌદ્ધ સાધુઓના જીવનને વિલાસમય અને સાંસારિક લેખવા લાગ્યા; કારણ કે

ણાય છે કે આ અભિપ્રાય અને અનુભવ ભારતમાં નિશ્ચયરૂપે પ્રસરી ગયો. અને એના
. આખરે બુદ્ધધર્મ પોતાની જન્મભૂમિમાંથી અદૃશ્ય થઇ ગયો. પણ બીજી બાજુએ
જન્મભૂમિએ જૈનધર્મને આજ સુધી પાળ્યો-પોષ્યો છે. પછીના કાળના કોઈ જૈન
બૌદ્ધ ભિક્ષુઓની દિનચર્યા માટે નીચે પ્રમાણે ઉદ્ગાર કાઢ્યો છે:

मृद्वी शय्या प्रातर् उत्थाय पेयम् ।
भक्तं मध्ये पानकं चापराह्ने ॥
द्राक्षाखंडं शर्करा चार्धरात्रे ।
मोक्षश्चान्ते शाक्यपुत्रेण दृष्टः ॥

સુંવાળી પથારી, (તેમાંથી) સવારે ઊઠીને (કંઇક) પીવું,
બપોરે ભાત, અને પાછલે પહોરે (કંઇક) પાન કરવું.
અર્ધી રાતે દ્રાક્ષ અને સાકર (લેવાં)
(અને એ રીતે) છેવટે શાક્યપુત્રે મોક્ષ દેખ્યો.

૩. પ્રત્યેક બુદ્ધ અને બુદ્ધ.

આમ મહાવીરે બધો પુરુષાર્થ આત્મા ઉપર જ દાખવ્યો છે; એ માત્ર સાધુ જ ન હતા,
તપસ્વીયે હતા. પરંતુ બુદ્ધને સાચો બોધ પ્રાપ્ત થયા પછી એ તપસ્વી ના રહ્યા, માત્ર
જ રહ્યા અને પોતાનો બધો પુરુષાર્થ જીવનધર્મ ઉપર દાખવ્યો. એકનો ઉદ્દેશ એથી
મધર્મ થયો; બીજાનો લોકધર્મ થયો. બુધ્ધે પોતાનો ઉદ્દેશ આત્મધર્મમાંથી વિસ્તારીને
ધર્મમાં આણ્યો અને તેથી એ વધારે પ્રખ્યાત છે, વધારે પૂજાય છે અને આપણી ભાવનાએ
બે પુરુષોમાંથી બુદ્ધ જ ક્રાઇસ્ટની દિશાએ પ્રયાણ કરે છે.

આપણને જે એ મોટો ભેદ જણાય છે તે બીજા બધા વિષયમાં તરી આવે છે. એ બધા
યોમાં હવે આપણે સ્પષ્ટતા કરતા જઇશું. બુદ્ધની દૃષ્ટિ હવે લોકસમાજ તરફ વળી અને
મના અંતરને હવે સ્પષ્ટ રીતે લાગી આવ્યું કે માણસ પોતાના એકલાને જ માટે નથી,
ગું સમસ્ત સમાજને માટે છે, એનું આત્મદાન બીજાઓના હિતને માટે છે, એનો આત્મ-
ગ સૌને માટે છે; આ એમનો ધર્મ મહાવીરના ધર્મથી સર્વથા અને સ્પષ્ટ રીતે અહીં
જુદો પડે છે. મહાવીરના ધર્મમાં સૌથી ઉંચી ભાવના આત્મભોગની—આત્મત્યાગની છે. અને
ળી બીજી બે સંજ્ઞાઓમાં-પ્રત્યેકબુદ્ધ અને બુદ્ધ એ શબ્દોમાં—પણ આ મોટો ભેદ સ્પષ્ટ તરી
... અર્થ 'પોતાને માટે જ્ઞાની' એવો થાય છે, અને બુદ્ધનો અર્થ

[illegible]

હતા. મહાવીર મૌનમાર્ગમાં [illegible] દૂર રહેતા. બુદ્ધ [illegible] કંઇક અંશે એ જાણવી સ્પષ્ટ થાય છે કે પોતાના શિષ્યો જ્યારે [illegible] નોતરતા ત્યારે ને જતા, પણ મહાવીર તો એમ માનતા જે [illegible] બુદ્ધ વિહાર [illegible] ના કરે. પણ કંઇક અંશે આ ભેદ એ [illegible] વધારે સ્પષ્ટ થાય છે કે [illegible] કરતાં કરતા જેની તેની સાથે વાતો કરતા અને પોતાના [illegible] ફેરામાં ફેરફાર થતાં લોકને ઉપદેશ આપવાના અને તેમને [illegible] બાબતમાં પણ એ [illegible] દૂર કરી લેતા. માણસોથી દૂર રહેવાની વૃત્તિને કારણે તપસ્વી મહાવીરે સર્વજનના આત્માના ઉદ્ધારને માટે આવું કંઇ ના કર્યું હોત. આધ્યાત્મિક ઉપદેશ કરવાને માટે અને શિક્ષા આપવાને માટે જાણી બુઝીને કોઇ મનુષ્યને એમણે બોલાવ્યો હોય એવું જણાઇ આવતું નથી, અને જ્યારે કોઇ માણસ પોતાની મેળે ધાર્મિક ચર્ચા કરવાને માટે એમની પાસે આવતો, ત્યારે એની વિચારશ્રેણી સમજવાની એ ભાગ્યે જ પરવા કરતા, પણ માત્ર પોતાના મન્તવ્યના કઠણ સિદ્ધાન્ત પ્રમાણે આકરો ઉત્તર દેઇ દેતા.

આ વિષયોમાં બુદ્ધ કેવી પ્રણાલી ગ્રહણ કરતા એ એમના સંબંધિની અનેક કથાઓથી જણાઇ આવે છે. એમાંથી એક કથા અહીં આપું છું. એ કથાનું નામ શૃગાલ-શિક્ષા છે,

ર્થાત્ એમાં શૃગાલ નામે એક માણસને આપેલા ઉપદેશનું વર્ણન આવે છે. આ માણસ હસ્થાશ્રમી હતો, તેથી આપણા રિવાજ પ્રમાણે એને માત્ર શૃગાલ નહિ, પણ ભારતના વાજ પ્રમાણે શૃગાલ શેઠ કહેવો જોઇએ. છતાં યે નામ સાથે અહીં કંઇ લેવા દેવા થી, માત્ર એ સંબંધે કંઇક કહેવું જોઇએ, કારણ કે કથાનું નામ એના નામ ઉપરથી ડયું છે. આપણો આ ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણ આચાર-વિચારમાં ઉછર્યો હતો. એ ધર્મમાં કૃતિપૂજા બીજે સ્વરૂપે એવી રીતે ચાલતી આવતી હતી કે ઘણાક લોક સમસ્ત પ્રકૃતિની જા કરવાને બદલે સંક્ષેપમાં જુદી જુદી દિશાઓની પૂજા કરતા: કોઇક લોક માત્ર નમ-કાર કરતા, કોઇક લોક અમુક અમુક મંત્રો ભણતા, અને કોઇક લોક અમુક એક દિશામાં ડી જલાંજ-જાલ દેતા; ત્રીજા પ્રકારના લોકોને જૈનશાસ્ત્રોમાં દિશા–પોક્ખિય કહ્યા છે. માપણો આ ગૃહસ્થાશ્રમી પ્રથમ વર્ગનો પ્રકૃતિપૂજક હતો. છુટે કેશે અને ભીને વસ્ત્રે (ભીના સ્ત્ર વખતે જલાંજલિનું ચિહ્ન હોય) હાથ જોડીને સવારના પહોરમાં ચાર વાર પૂર્વ તરફ, છી દક્ષિણ તરફ, પશ્ચિમ તરફ, ઉત્તર તરફ એણે નમસ્કાર કર્યા, પછી છેવટે તેવી જ રીતે ાર વાર આકાશ તરફ અને ચાર વાર પાતાળ તરફ મસ્તક નમાવ્યું. ભારતવાસીઓ મતિ પ્રાચીન કાળથી સામાન્ય રીતે છ અથવા દશ દિશાઓ ગણે છે; આપણી ચાર અથવા માઠ દિશાઓમાં આકાશ અને પાતાળ–દિશા ઉમેરી લેવાથી એ પ્રમાણે થાય. આપણો મા પ્રકૃતિપૂજક પોતાની પ્રાતઃપૂજા કરતો હતો તે જ સમયે બુદ્ધ એના ઘર આગળ આવી હોંચ્યા. તે એની પાસે ગયા અને એ ક્રિયા એ શા માટે કરતો હતો એનું કારણ એને પુછ્યું. મેણે ઉત્તર આપ્યો: 'મારા પિતાએ મને આમ કરવાનું શીખવ્યું છે અને મારા પિતાની શિક્ષાને હું માન આપું છું ને પૂજ્ય ગણું છું માટે હું આ ક્રિયા કરૂં છું.' બુદ્ધ માનતા હતા પ્રકૃતિપૂજાથી એવા સંસ્કાર બંધાય છે જેથી અંતે માણસનું અશુભ થાય છે, તેથી તે ોલ્યા: 'દિશાઓની પૂજા કરવા કરતાં કેવળ જુદા જ પ્રકારની છ ભાવના પ્રમાણે આચાર માચરવાથી માનવજન્મ સફળ થાય છે. એ છ સારા પ્રકારની ભાવના આ પ્રમાણે છે: મા-બાપને પૂર્વદિશામાં સ્થાપવાં, ગુરુ અને આચાર્યને દક્ષિણ દિશામાં, પુત્રદારા ને પશ્ચિમમાં, મિત્ર સંબંધીઓને ઉત્તરમાં, બ્રાહ્મણશ્રમણોને એટલે પવિત્ર પુરુષોને ઉર્દ્ધ દિશાએ અને દાસ-જનોને અધો દિશાએ સ્થાપવા. આમ બુદ્ધ રસ્તે જતાં મળેલા ગૃહસ્થાશ્રમીની—પ્રાચીન પૂર્વ-જોની પ્રકૃતિ પૂજામાં બંધાએલા ગૃહસ્થાશ્રમીની—ભાવનામાં ઉતરી જાણતા અને પોતાની માનવધર્મની ભાવના એને સમજાવી જાણતા એટલું જ નહિ પણ આપણી કથામાં આગળ આવે છે એમ આ છ ભાવનાને પરિપૂર્ણ કરીને એમાંથી આખી કર્તવ્ય શિક્ષા યોજી કાઢી અને વળી પરસ્પરને કર્તવ્યમાં જોડવાને માટે પણ નવો વિચારો આમ ઉમેર્યા:—

[illegible]

[illegible]

શિષ્યોએ જ પોતાના ગુરુઓની [illegible] નહિ,

પણ વળી ગુરુઓએ પણ પોતાના [illegible].

પતિઓએ જ પોતાની પત્નીની [illegible] નહિ,

પણ વળી પત્નીઓએ પણ પોતાના પતિની.

માણસે પોતાના મિત્રોની [illegible] નહિ,

પણ વળી મિત્રોએ પણ એ માણસની.

શેઠીઆઓએ જ પોતાના નોકરોની [illegible] નહિ,

પણ વળી નોકરોએ પણ પોતાના શેઠોની;

ગૃહસ્થોએ જ સાધુઓની [illegible] નહિ,

પણ વળી સાધુઓએ પણ ગૃહસ્થોની.

અને આમ તારી કહેલી એવડી આજ્ઞાઓમાંની દરેકને પછીથી બુદ્ધે-યાદ રાખવામાં અને સમજમાં ઉતારવામાં ઠીક પડે એટલા માટે ઉપમા રૂપે-પાછળથી પાંચ પાંચ ગણી વધારી અને તેથી એકંદરે છ ગણી દશ આજ્ઞાઓ કર્તવ્ય સંબંધી થઇ. ઉદાહરણ રૂપે એમાંની પહેલી દશ આપણે લેઇએ:

મા બાપોએ પોતાનાં સંતાનને

૧ પાપકર્મમાંથી વારવાં,

૨ પુણ્ય કર્મ તરફ વાળવાં,

૩ ભણાવવાં,

૪ પરણાવવાં, (અને)

૫ વારસો આપવો જોઇએ.

અને સંતાનોએ એટલા માટે વિચારવું જોઇએ જે

૬ જેમણે મને પોષ્યો છે એમને હું પોષીશ,

૭ જેઓ મારે આધારે છે તેમના પ્રત્યે હું મારૂં કુટુંબકર્તવ્ય બજાવીશ,

૮ મા બાપના ધનનું હું રક્ષણ કરીશ,

૯ એમનાં વારસાને હું યોગ્ય થઇશ, (અને)

૧૦ જ્યારે એ જશે ત્યારે હું એમને સ્મરણમાં રાખી પૂજીશ.

આમ આપણી એ કથાનો જે સારાંશ છે તે ગૃહસ્થાશ્રમી લોકોને ગૃહસ્થધર્મ શીખવવાનો છે. અને જે આર્ય-અષ્ટાંગિક-માર્ગ વિષે આપણે આગળ જોઈ ગયા તે તો સર્વસામાન્ય ધર્મ છે, એટલે કે તે તો સાધુને અને ગૃહસ્થને બંનેને સરખી રીતે લાગુ પડે છે. બંને સ્થળે અંદરનો આત્મા તો એક જ છે; આ નવા વર્ગીકરણમાં પણ સમ્યક્ શબ્દનો ભાવ તો છે જ; માણસોનો પરસ્પરનો સંબંધ સમ્યક્ એટલે યથાર્થ અને શુભ હોવો જોઈએ.

૪. અહિંસા અને દયા.

ઉપર વર્ણવેલી કથાને અને તેમાંથી મળી આવતા કર્તવ્યધર્મને વિચાર્યા પછી, મહાવીર અને બુદ્ધ એ બે મહાપુરુષો વચ્ચેના ભેદને વળી પાછો આપણે હાથમાં લઈએ. એકમાં આપણે તપસ્ અર્થાત્ કાયક્લેશ જોયું, બીજામાં સમ્યક્ અર્થાત્ યથાર્થ અને શુભ જોયું; એકમાં આપણે આત્મવિજય જોયો, બીજામાં આત્મભોગ જોયો; એકમાં આપણે સંકોચ અને લોકસમાજથી દૂર રહેવાની વૃત્તિ જોઈ, બીજામાં વિશાળતા અને લોકસમાજ પ્રત્યે મિત્રતાની વૃત્તિ જોઈ. એમનું વ્યક્તિત્વ સંપૂર્ણ રીતે સમજી શકાય એટલા માટે હજી પણ એ દરેકની એક ભાવના વિચારીશું. મહાવીરે સદાસર્વદા વારંવાર અહિંસાની—કોઈ પણ જીવના પ્રાણીને નહિ હણવાની—આજ્ઞા કરી છે. અહિંસાની—જીવ રક્ષણની—ભાવના એ એમનો સૃષ્ટ જગત્, મનુષ્ય અને પ્રાણી સાથેનો ઊંચામાં ઊંચો સંબંધ છે. એથી ઊલટું બુદ્ધધર્મનો પાયો એના આત્મભોગના આધારરૂપ દયા અને સહાનુભૂતિ ઉપર છે. બંને ધર્મના મૂળરૂપે આ એમની પોતપોતાની ભાવના સ્પષ્ટ રહેલી છે; મહાવીરની આગળ બુદ્ધે આ જે પગલું ભર્યું તેની એમના ઉપર સ્પષ્ટ છાપ પડે છે.

અહિંસા અને દયાની ભાવનાઓ ભારતના આ બંને ધર્મદર્શનોમાં બહુ ઊંડે સુધી છવાએલી છે અને આપણે હવે એ ભાગ વિષે તપાસ કરીશું.

'તું હિંસા કરતો ના' એ સ્વાભાવિક રીતે જ ભારતમાં બહુ પ્રાચીન કાળથી એક વેદાજ્ઞા ગણાતી આવી છે. પણ અદ્વૈતવાદ સ્થપાતાં અને પુનર્જન્મનો સિદ્ધાન્ત દૃઢ થતાં જ પરિણામ એ આવ્યું કે એ આજ્ઞા ધીરે ધીરે એમ વિકાસ પામી કે કોઈ પણ પ્રાણીની હિંસા કરવી એ પાપ છે, કારણ કે પ્રાણીઓ પણ પુનર્જન્મ પામે છે અને એ જાતિમાં માણસનો આત્મા પણ અવતરે છે. બ્રાહ્મણધર્મમાં, યજ્ઞમાં પશુ હોમવાની ક્રિયાઓ કરીને યજ્ઞ-પશુની હિંસા પવિત્ર થતી મનાતી, પણ દેવોની પૂજાને માટે થતી આ ક્રિયા પણ ધીમેધીમે અકાર્ય મનાતી ચાલી અને જેમ એક બાજુએથી બ્રાહ્મણધર્મના 'સર્વસામાન્ય' પ્રકાર

નબળો પડતો ગયો, તેમ જ બીજી બાજુઓથી એ ધર્મે પોતે જ પશુબલિની કીંમત ઘટા-
ડવા માંડી અને પશુઓને બદલે પદાર્થો હોમવા માંડયા. મહાવીર અને બુધ્ધે પોતાની આજ્ઞા-
ઓમાં આપણી આ આજ્ઞાને પ્રથમ સ્થાન શા માટે આપ્યું અને પ્રાણીમાત્રના જીવને
બચાવવો એવું રૂપ એ આજ્ઞાને કેવી રીતે મળ્યું એની હવે સમજ પડી શકશે. પણ વળી
નિશ્ચયપૂર્વક એવું પણ જણાયું છે કે આ બે મહાપુરુષો પૂર્વે, સાધુજીવનની વ્યવસ્થા બાંધનાર
એક ધર્મસંસ્થાપકે પણ આ આજ્ઞાને પ્રથમ સ્થાન આપ્યું હતું. હવે અહીં એ મહાપુરુષ
વિષે પણ વિચાર કરવો જોઇશે. સાધુસંઘને સ્થાપનાર આ પ્રાચીન આચાર્ય તે પાર્શ્વનાથ
હતા. એમના શિષ્યો એમના નામ ઉપરથી **पार्श्वापत्यियाः** કહેવાતા. એમ લાગે છે કે
મહાવીર જ્યારે થયા ત્યારે પાર્શ્વનાથ તો હયાત ન હતા, પણ એમનો સંઘ ચાલ્યો
આવતો હતો અને પછી મહાવીરે સ્થાપેલા સંઘ સાથે તે ભળી ગયો હતો. મહાવીર પણ
માનતા જે હું પોતે પણ પાર્શ્વનાથને પગલે પગલે ચાલું છું અને એમના ઉપદેશને વિસ્તારું
છું તથા પરિપૂર્ણ કરૂં છું. આ આજ્ઞાને પરિપૂર્ણ કરવાને એ પાર્શ્વનાથને અનુસર્યા અને વળી
આગળ ચાલ્યા. એ આજ્ઞાને અનુસરીને પાર્શ્વનાથે ચાર આજ્ઞાઓને તારવી કાઢી ત્યારે
મહાવીરે એમાં પાંચમી ઉમેરી અને બુધ્ધે પણ એ પાંચ આજ્ઞાઓ પાળવાનું પોતાના
શિષ્યોને કહ્યું છે. પણ દરેકમાં અમુક અમુક ભેદ છે.

પાર્શ્વનાથની ચાર આજ્ઞાઓ આ પ્રમાણે છે.

૧ **सव्वाओ पाणाइवायाओ विरमणम्**=સર્વ પ્રકારની જીવહિંસાથી દૂર
રહેવું તે,

૨ **सव्वाओ मुसावायाओ विरमणम्**–સર્વ પ્રકારના મિથ્યાભાષણથી દૂર રહેવું તે,

૩ **सव्वाओ अदिन्नादाणाओ विरमणम्**–ના આપેલી એવી કોઈ પણ
વસ્તુ લેવાથી–અર્થાત્ સર્વ પ્રકારની ચોરી કરવાથી–દૂર રહેવું તે, અને

૪ **सव्वाओ बहिद्धादाणाओ विरमणम्**–સર્વ પ્રકારના બહારના દાનથી દૂર
રહેવું તે (અર્થાત્ નિર્ધન રહેવું તે.)

બહારનું દાન (**बहिद्धादाण**) એટલે મૈથુન (અર્થાત્ વીર્યદાન) એવો પણ અર્થ
કરવામાં આવેલો જણાય છે, પણ 'સર્વ પ્રકારના બહારના દાનથી દૂર રહેવું' એવો અર્થ
સર્વસામાન્ય રાખવામાં આવેલો છે, અને દારિદ્ર્યવ્રતને અગ્રભાગ આપેલો છે. આમ પાર્શ્વનાથની
આ ચોથી આજ્ઞા તે મહાવીરની ચોથી જ આજ્ઞાને નહિ પણ પાંચમીને પણ મળતી આવે છે.
અહીં રીતે તો જૈન ભાવનાને અનુસરતો એ અર્થ છે.—પાર્શ્વનાથની આજ્ઞાઓની યાદીને
चाउज्जाम (સં. **चतुर्-याम** જેને બ્રાહ્મણ ધર્મના **चतुर्-नियम** કહી શકાય) કે

બુદ્ધે, અથવા તો सामञ्ञफलसुत्त માં બતાવ્યા પ્રમાણે ક્રમમાં ક્રમ બૌદ્ધશાસ્ત્રોએ
આજ્ઞાઓનો અર્થ લીધો છે, મહાવીર પાર્શ્વનાથના चाउज्जाम ને (બૌદ્ધ પરિભાષામાં
ातु-याम ને) વળગી રહ્યા છે; મહાવીરનાં શરુઆતનાં વર્ષોમાં એ પ્રમાણે થએલું નહિ,
રણ કે જૈન શાસ્ત્રોમાં દરેક સંબંધી શબ્દ મળી આવતા નથી.

મહાવીરની આજ્ઞાઓ આ પ્રમાણે છે.

૧ सव्वाओ पाणाइवायाओ विरमणे–સર્વ પ્રકારની જીવહિંસાથી દૂર રહેવું તે.

૨ सव्वाओ मुसावायाओ विरमणे–સર્વ પ્રકારના મિથ્યાભાષણથી દૂર રહેવું તે.

૩ सव्वाओ अदत्तादाणाओ विरमणे–ના આપેલી એવી કોઇ વસ્તુ લેવાથી–
અર્થાત્ સર્વ પ્રકારની ચોરી કરવાથી–દૂર રહેવું તે.

૪ सव्वाओ मिहुणाओ विरमणे–સર્વ પ્રકારના મૈથુનથી દૂર રહેવું તે.

૫ सव्वाओ परिग्गहाओ विरमणे–સર્વ પ્રકારના પરિગ્રહથી દૂર રહેવું તે.

બુદ્ધની પાંચ આજ્ઞાઓ આ પ્રમાણે છે.

૧ पाणातिपाता विरमणो–જીવહિંસાથી દૂર રહેવું તે.

૨ अब्रह्मचरिया विरमणी–અબ્રહ્મચર્યથી દૂર રહેવું તે.

૩ अदिनादाना विरमणी–ના આપેલી વસ્તુ લેવાથી–અર્થાત્ ચોરી કરવાથી
દૂર રહેવું તે.

૪ मूसावादा विरमणी–મિથ્યાભાષણથી દૂર રહેવું તે.

૫ सुरा-मिरय-मज्जा-पमादट्ठाना विरमणी–દારૂ પીવાથી, બેદરકારીથી, મિથ્યા
આરોપ કરવાથી દૂર રહેવું તે.

ઉપર જણાવેલી આજ્ઞાઓનો મૂળ ભાવ જ નહિ પણ એમનો અર્થ પણ દરેક વાચકને
ખતે વિચિત્ર અને નવીન લાગશે. અમુક અમુક કરવાથી 'દૂર રહેવું તે' એને નકામું
બને દોઢ ડાહ્યું લાગશે. માટે કહેવું જોઇએ કે આપણે સૌ યાહુદી અને ખ્રિસ્તિધર્મને બળે
એ આજ્ઞાંના ત્યાર પછીના સ્વરૂપ વડે ઘેરે રંગે રંગાએલા છીએ. સ્પષ્ટ શબ્દોમાં આપણને
આજ્ઞા થઇ છે જે 'તું હત્યા કરતો ના' અથવા 'તું ચોરી કરતો ના' અને એવી બધી
આજ્ઞાઓમાં અને આ જુના કરારમાંની આજ્ઞાઓમાં એ જ ભાવ બરાબર તરી આવે છે–
એટલું જ નહિ પણ આજ્ઞાઓ જેમ વિકાસ પામતી ગઇ છે, તેમ એમાંના ભાવ પણ વિકાસ પામતા

[illegible]

નામે ... [illegible] ... જેમ જ ... [illegible] ...

... અને ... [illegible] ... અને ...

જેમાં ... [illegible] ... આ આજ્ઞાને પ્રથમ સ્થાન આ માટે આપ્યું અને ...
બગાવનો એવું રૂપ એ આજ્ઞાને કેવી રીતે મળ્યું એની હવે સમજ પડી
નિશ્ચયપૂર્વક એવું પણ કહ્યું છે કે આ બે મહાપુરુષો પછી, સાંખ્યજ્ઞાનની
એક ધર્મસંસ્થાપકે પણ આ આજ્ઞાને પ્રથમ સ્થાન આપ્યું હતું. હવે આપણે
વિષે પણ વિચાર કરવો જોઈશે. સાધુસંઘને સ્થાપનાર આ પ્રાચીન આચાર્ય
હતા. એમના શિષ્યો એમના નામ ઉપરથી **पार्श्वापत्यिया:** કહેવાતા. એ
મહાવીર જ્યારે થયા ત્યારે પાર્શ્વનાથ તો હયાત ન હતા. પણ એમનો
આવતો હતો અને પછી મહાવીરે સ્થાપેલા સંઘ સાથે તે ભળી ગયો હતો
માનતા જે હું પોતે પણ પાર્શ્વનાથને પગલે પગલે ચાલું છું અને એમના
છું તથા પરિપૂર્ણ કરું છું. આ આજ્ઞાને પરિપૂર્ણ કરવાને એ પાર્શ્વનાથને
આગળ ચાલ્યા. એ આજ્ઞાને અનુસરીને પાર્શ્વનાથે ચાર આજ્ઞાઓને
મહાવીરે એમાં પાંચમી ઉમેરી અને બુદ્ધે પણ એ પાંચ આજ્ઞાઓ
શિષ્યોને કહ્યું છે. પણ દરેકમાં અમુક અમુક ભેદ છે.

પાર્શ્વનાથની ચાર આજ્ઞાઓ આ પ્રમાણે છે.

૧ **सव्वाओ पाणाइवायाओ विरमणम्**=સર્વ પ્રકા
રહેવું તે,

૨ **सव्वाओ मुसावायाओ विरमणम्**-સર્વ પ્રકારના

૩ **सव्वाओ अदिन्नादाणाओ विरमणम्**-ના
વસ્તુ લેવાથી-અર્થાત્ સર્વ પ્રકારની ચોરી કરવાથી

૪ **सव्वाओ बहिद्धादाणाओ विरमणम्**-સર્વ
રહેવું તે (અર્થાત્ નિર્ધન રહેવું તે.)

બહારનું દાન (**बहिद्धादाण**) એટલે મૈથુન (અ
કરવામાં આવેલો જણાય છે, પણ ' સર્વ પ્રકારના બહાર
સર્વસામાન્ય રાખવામાં આવેલો છે, અને દારિદ્રયવ્રતને અ
આ ચોથી આજ્ઞા તે મહાવીરની ચોથી જ આજ્ઞાને નહિ
ખરી રીતે તો જૈન ભાવનાને અનુસરતો એ અર્થ છે
चाउज्जाम (સં. **चतुर्-याम** જેને બ્રાહ્મણ ધર્મના

૪. અહિંસા અને દયા

એટલા માટે જમતાં પાત્રનો ઉપયોગ કરવો જોઇએ, મ્હોં આગળ મુહપત્તી રાખવી જોઇએ; પ્રવાહી પદાર્થો ગળણીથી ગાળવા જોઇએ, જમીન સાફ કરવાને માટે રજોહરણ રાખવો જોઇએ અને એવી બીજી સંભાળ રાખવી જોઇએ. ઉપર ઉપરથી જોતાં તો એમ લાગે જે પાત્ર વગેરેનો આ ઉપયોગ મહાવીરના ધર્મમાં ફરજીઆત છે તે એનો ઉપયોગ કરનારના રક્ષણ-ને માટે છે, કારણ કે એથી ઝીણી અને ભાગ્યે જ જોઇ શકાય એવી અસ્વચ્છ વસ્તુઓ શ્વાસમાં અને પીવામાં લેવાથી બચી જવાય અને જમીન ઉપરથી એવી જ અસ્વચ્છ ચીજોને પોતાને માટે સાફ કરી શકાય. પણ ખરી રીતે તો જુદા જુદા પ્રકારની સ્વચ્છતાના ધાર્મિક સિદ્ધાન્તો માત્ર આત્મરક્ષણને માટે જ યોજાયા નથી, પણ સૂક્ષ્મ જંતુઓને માટે પણ છે. કારણ કે પાત્ર વગેરેનો ઉપયોગ ના થાય તો જંતુઓને હાનિ થવાનો સંભવ છે, એટલા માટે સર્વ પ્રકારની જીવહિંસાથી દુર રહેવાની આ જે આજ્ઞા તે વિચાર કરતાં ઘણું ઉંચુ પગથીઉં છે, વિશેષ પ્રકારનો અને ભવ્ય સિદ્ધાન્ત છે, અશ્રુતપૂર્વ ઉપદેશ છે; જરથુસ્ત્રે સ્વચ્છતાને માટે આવી આજ્ઞા આપી છે, પણ તે જુદા જ ધાર્મિક હેતુને કારણે.

વાતને વધારે સ્પષ્ટ કરવાને માટે આપણે એ પણ કહેવું જોઇએ જે સ્વચ્છતા પાળવાની આવી અંતિમ પ્રકારની આજ્ઞાઓ અને એમનો ધર્મના પ્રદેશમાં મુકવાનો વિધિ આપણને હસવા જેવો લાગશે, પણ ખરી રીતે એમ નથી. ગરમ પ્રદેશોમાં અને વળી હિંદુસ્થાન જેવા વનસ્પતિએ ફાલ્યા ફુલ્યા દેશમાં તો ખાસ કરીને, આપણા કરતાં જંતુઓથી માણસે અતિ વધારે સાવધાન રહેવું જોઇએ. કારણ કે બગડેલા પાણીમાં અને ખોરાકમાં એવા જંતુઓ બહુ હોય છે. ઉદાહરણ લઇએ તો **उच्छिष्ट** (એઠું) અથવા **पर्युषित** (વાસી) અન્ન એટલું બધું બગડેલું મનાય છે જે એ ખાવાને માટે યોગ્ય નથી ગણાતું. અને આપણે સૌ એ તો જાણીએ છીએ જે અસ્વચ્છ પાણીને કારણે જ હિંદુસ્થાનમાંથી કૉલેરા કદી નાબુદ નથી થતો. ત્યારે આવા પ્રદેશમાં સ્વચ્છતા પાળવાની આજ્ઞાઓને ધર્મના પ્રદેશમાં મુકવામાં આવે તો એમાં નવાઇ શી ? હવે સ્થાયી રીતે તો મહાવીરે સ્વચ્છતા પાળવાની જે આજ્ઞા કરી છે તે માણસના સ્વાસ્થ્યને કારણે નહિ, પણ જંતુઓ અને કીટપતંગની હત્યા ના થાય એટલા માટે કરી છે. પણ વળી ઉંડે ઉતરીને જોઇએ તો એમાં પણ કંઇ જુદો જ ભેદ છે. માણસ માત્રના સ્વભાવમાં કંઇક એવું એ છે જે પ્રથમ તો એ અમુક કર્મ કરે છે અને પછી એ કર્મના આધાર વિષે જ્ઞાન (conseiousness) પામે છે, એટલે કે કર્મ તો સાચી રીતે પ્રાણીધર્મના સ્વભાવમાં રહેલા અજ્ઞાનનું (unconseiousness) પરિણામ છે. એટલા માટે કર્મ કરવામાં જ્ઞાન એ સક્રિય કરતાં વધારે અક્રિય રહે છે અને પછી એમ બને છે કે માણસ એ કર્મને વિચારપૂર્વક વ્યવસ્થિત કરે છે અને સાચું ઠરાવે છે;

[illegible]

... હોય. અને ત્યાર પછી એ સિદ્ધાન્તો એમનામાં [illegible] સ્થાપી હોય અને તેથી કરીને [illegible] માણસને જે દર્શન થવાનો સંભવ છે તેમાંથી પણ [illegible] સિદ્ધાન્તો શોધ્યા હોય.

પણ છતાં જે આપણે મહાવીરના [illegible] આજ્ઞાના અંતિમ સિદ્ધાન્તો વિષે એના [illegible] પામેલા [illegible] માનસશાસ્ત્રની પદ્ધતિએ ના તપાસીએ, [illegible] તેવા જ રહે, તો પણ એ સર્વથા મહાવીરના ધર્મના પાયારૂપ છે. 'શસ્ત્રપરિજ્ઞા'—એટલે કે 'પ્રાણી માત્રને શસ્ત્રની પેઠે જે કંઈ ભયંકર છે તેનું જ્ઞાન (અને તેનો ત્યાગ)' એવા ગૂઢ નામવાળા પ્રથમ [આગમ] ગ્રંથના પ્રથમ અધ્યાયમાં સંઘરેલા જે ઉપદેશો, સિદ્ધાન્તો અને દૃષ્ટાન્તો છે તે સૌમાં એ સિદ્ધાન્ત જ પાયારૂપે છે.

આપણે જોઈ ગયા કે બુદ્ધે પણ જીવહિંસાથી દૂર રહેવાની આજ્ઞા કરી છે. પણ ભારતના બીજા વિચારકોની પેઠે એમણે પણ [illegible] આવેલી પ્રણાલીને અનુસરીને એ આજ્ઞા કરી છે. એમનામાં પ્રાણી રક્ષણની ભાવના મુખ્ય નથી, મુખ્ય ભાવના તો દયાની અને સહાનુભૂતિની છે. અને આ ભાવના—અથવા આપણે ઠીક રીતે કહીએ તો આ એમના અંતઃકરણના પ્રવાહો, આ સહાનુભૂતિની લાગણી અને સાથે સાથે જ સહાયતા આપવાની ઇચ્છાની ભાવના—એમનામાં વિકાસ પામીને એમના અમુક પ્રકારના ધાર્મિક પાયા સ્વરૂપે બની રહી. બુદ્ધે પોતાની દયા અને સહાનુભૂતિને સંસારદુઃખના નવા સિદ્ધાન્ત ઉપર સ્થાપી.

આ ભારતીય સાધુને આખું સંસારદુઃખ કંઈક સ્વયંસિદ્ધ લાગ્યું—એટલું બધું ખરું લાગ્યું કે સર્વ પ્રકારના જીવનું રક્ષણ કરવું એ જ એમને ધર્મ લાગ્યો. બુદ્ધે સંસાર દુઃખનું પૃથ-

કારણ કરી, એ દુઃખમાંથી કેવી રીતે છુટવાની યોજના કરી એ વાત ખાસ જાણવા જેવી છે. સંસારદુઃખનો સર્વ સામાન્ય સિદ્ધાન્ત એ સંસારથી કંટાળેલાની ભાવના છે: સર્વ ભવોની અનિત્યતાના વિચાર ઉપરથી જ્ઞાન થાય, અને પુનર્જન્મને સિદ્ધાન્તે દરેક જણને ફરી ભવ આવવાનો. એટલે સંસાર એને સાથે સાથે જ એક પ્રકારે કેદખાના રૂપે થવાનો અને એ કેદખાનામાં એને સદાસર્વદા નવા નવા ભવમાં રખડવાનું, અને એક ભવ-માંથી બીજા ભવમાં જવાનું. આ અનંત અને દુઃખભર્યું જે ભ્રમણ એને સાધુઓ સંસાર (સરે તે) કહેતા અને અંતે આ સંસારમાંથી મુક્ત થવું-સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો મુક્તિ, વિ-મુક્તિ, મોક્ષ, સિદ્ધિ અથવા નિર્વાણ પામવું, એ, એ સૌ સાધુઓનો આશય હતો. એને આપણે અનંત કલ્યાણ કહી શકીએ. અમુક સાધુસંઘ આમાંની અમુક કોઇ સંજ્ઞા સ્વીકા-રતો, બીજો સંઘ બીજી સંજ્ઞા સ્વીકારતો. મહાવીરે મુખ્યત્વે કરીને મોક્ષનો અને સિદ્ધિનો સ્વીકાર કર્યો છે, બુધ્ધે ખાસ કરીને મોક્ષનો અને નિર્વાણનો સ્વીકાર કર્યો છે. આ ભાવના લગભગ નિષેધસૂચક છે, એમાં કોઇક અંત પામવાની, વિરામ પામવાની ભાવના છે, પણ છતાં યે એ તો સ્પષ્ટ છે જે આ પારલૌકિક સીમાએ નિશ્ચયભાવે પહોંચવાના, ભાવનામય ભવ યોજી કાઢવાના અને એને કલ્યાણમય જગતરૂપે કલ્પી કાઢવાના એમાં પ્રયાસો રહેલા છે. મોક્ષ પામવો અથવા નિર્વાણ પામવું એને અંતિમ અને સર્વોત્કૃષ્ટ ભાવના માનવી અને સ્વપ્નમાંથી નિકળીને ઉચ્ચ પદ પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરવા એ એના ભ્રમના સ્વાભા-વિક પ્રયાસો હતા. એ સમયના આ ભ્રમજાળે બુદ્ધને અને મહાવીરને પોતાની અંદર કેવી રીતે વીંટયા એ આપણે પછીથી જોઇશું. અત્યારે તો આપણે એ જોવાનું છે જે નિર્વાણની તે જુગની ભાવનાને—આ જુગની મૂર્તિમાન્ ભાવનાનું સ્વરૂપ આપનાર ભાવનાને—સંસાર-દુઃખની ભાવનાને બુધ્ધે શી રીતે યોજી કાઢી. સંસારદુઃખને એના સાચા સ્વરૂપમાં જોવું અને એને ટાળવા માટે ઉપાય શોધવા એમાં જ સાચો પુરુષાર્થ છે એમ એમને જણાયું. રોગ જણાયા પછી એના ઉપાય શોધવા જેમ જરૂરના છે તેમ આ વિષયમાં પણ એમને જણાયું. આ જ્ઞાનને માટે એમણે ચાર સૂત્રો ઘડી કાઢયાં ને તેમને એમણે ચાર આર્ય સત્યો કહ્યાં. અને ત્યાર પછી પોતાના ધર્મોપદેશનો અને શરૂઆતનો કાર્યક્રમ ઘડી કાઢી કાશીમાં પ્રથમ તે ચાર સૂત્રો સંબંધે ઉપદેશ આપવો શરૂ કર્યો. જે સાધુઓને એમણે પ્રથમ ઉપ-દેશ આપ્યો તે સાવ થોડા હતા એમ કહેવાય છે. પૂર્વે જે સ્થાનમાં બુદ્ધ તપ કરતા હતા તે સ્થાને બીજા પાંચ સાધુઓ પણ તપ કરતા હતા, પણ પછીથી એ પાંચે તપશ્ચર્યા છોડી દીધી ને કાશી તરફ ચાલતા થયા. આ તરફ બુદ્ધે તપશ્ચર્યા ચાલુ રાખી અને પેલા પાંચ તો સંસારમોહમાં ફસાયા. એ જ પાંચ સાધુઓ બુદ્ધનો ઉપદેશ સાંભળવા પ્રથમ આવેલા. બુદ્ધ

જ્યારે એમને મળ્યા, ત્યારે પ્રથમ તો એમના [illegible] સાધનામાંની [illegible] એમણે ના કહી પણ એ એમના એક વખતના સાથીઓના સાથી હતા. અને એમના માટે જે જ્ઞાન એમણે પોતે પ્રાપ્ત કર્યું હતું, અને આમ આખરે પ્રાપ્ત કરેલું એ જ્ઞાન મહાસત્ય સ્વરૂપ છે એવી એમને ખાત્રી થઈ હતી તથા જે જ્ઞાન એમના આત્મામાં ઉતરી ગયું હતું તે મહાજ્ઞાનનો ઉપદેશ દેવાને સૌથી પ્રથમ એ પાંચ સાથીઓ પાસે ગયા હતા. એ સાથીઓએ બુદ્ધને સંસારમાં પડવાનો ઉપદેશ કર્યો ત્યારે એમણે એમને સૌથી પ્રથમ તપસ્ અને સંસારભોગ એ બેની વચ્ચેના પોતાના માર્ગનો—સમ્યક્ના જે આઠ માર્ગ વિષે આપણે આગળ જોઈ ગયા છીએ એ આઠ માર્ગનો—ઉપદેશ આપ્યો; અને ત્યાર પછી સંસાર દુઃખનાં ચાર સત્યો વિષે ઉપદેશ આપ્યો. આમાંનું પહેલું સત્ય તે મુખ્ય દુઃખ છે, બીજું સત્ય તે એ દુઃખનું કારણ છે, ત્રીજું સત્ય તે દુઃખનું નિવારણ છે અને ચોથું સત્ય તે એ દુઃખનું નિવારણ કરવાનો જે માર્ગ તે છે. એમ એ ચાર માર્ગ સૂચક શબ્દો છે અને એમાંથી ચાર માર્ગ સૂચક સૂત્રો વિકાસે છે.

૧. દુઃખ એટલે કે સંસાર દુઃખ.

૨. દુઃખોત્પાદ એટલે કે દુઃખનું કારણ.

૩. દુઃખ નિરોધ એટલે કે દુઃખનું નિવારણ અને,

૪. (દુઃખ નિરોધ૦) **માર્ગ** એટલે કે (એ દુઃખનું નિવારણ કરવાનો) માર્ગ.

ચોથા શબ્દમાંથી અનુમાનને વિકાસ આપીને માર્ગ સંબંધેના ઉપદેશ ઉપર બુદ્ધ આવે છે, એટલે કે સમ્યક્ના અષ્ટ માર્ગ ઉપર આવીને ઠરે છે અને એમના ધર્મનું સાચું અને એક માત્ર અનુષ્ઠાન ત્યાં જ છે.

ત્યાં સુધી તો બુદ્ધની વિચારશ્રેણી સરળ અને સમજાય એવી છે. સમ્યક્ના નામથી ઉપદેશાએલા આદર્શમય જીવનના સિદ્ધાન્તની જે ભૂમિકા—આપણે કહી શકીએ કે સિદ્ધાન્તમય ભૂમિકા—તેનો આધાર સંસાર દુઃખના આ ચતુર્વિધ સિદ્ધાન્ત ઉપર રચાએલો છે. આ ભૂમિકાની નીચે એને આધાર આપનાર વળી બીજી જે એક ભૂમિકા છે તે ભૂમિકા વિષે પછીથી આપણે વિચાર કરીશું. અત્યારે તો કાશીમાં એમણે આપેલા ઉપદેશમાં સંસાર દુઃખનો સિદ્ધાન્ત શી રીતે વિકાસ પામ્યો એ જ જોઇએ.

ચાર સૂચક સૂત્રો અથવા તો આર્ય સત્યો વિષે એમણે આમ ઉપદેશ આપ્યો (સંસાર દુઃખ એ મૂળ શબ્દને બદલે માત્ર દુઃખ શબ્દ જ વાપરીશ.)

૧. ત્યાર પછી, હે સાધુગણ, દુઃખ વિષેનું આર્ય સત્ય છેઃ જન્મ એ દુઃખ છે, જરા એ દુઃખ છે, વ્યાધિ એ દુઃખ છે, મરણ એ દુઃખ છે, અપ્રિય વસ્તુનો યોગ એ દુઃખ છે,

ય વસ્તુનો વિયોગ પામવો એ દુઃખ છે, જે વસ્તુને માટે કામના તે ના પ્રાપ્ત થવી એ ખ છે, સંસારમાં આપણું સમસ્ત જીવન એ દુઃખ છે.

૨. ત્યારપછી, હે સાધુઓ, દુઃખથી (એટલે કે એના કારણથી) દૂર રહેવું એ આર્ય ય છેઃ એ કારણ તે જન્મજન્માન્તર રખડાવનારી તૃષ્ણા, તેની સાથે અહીં તહીં આનંદ ાડનારી વાસનાઃ મોહતૃષ્ણા, ભવતૃષ્ણા, અનિત્યતાની તૃષ્ણા.

૩. ત્યારપછી, હે સાધુઓ, દુઃખનું નિવારણ કરવું એ આર્ય સત્ય છેઃ એ વાસનાનો ર્થા નાશ કરીને એ તૃષ્ણાનું નિવારણ કરવું, એને જવા દેવી, એનાથી છુટા થવું, એને ડી દેવી, એને કોઈ સ્થાન ના આપવું.

૪. ત્યારપછી, હે સાધુઓ, દુઃખને નિવારણ કરવાનો માર્ગ એ આર્ય સત્ય છેઃ એ ાર્ગ તે આર્ય-અષ્ટાઙ્ગિક માર્ગ છે અને તે આ પ્રમાણે છેઃ સમ્યગ્-દૃષ્ટિ, સમ્યક્-સંક- ્, સમ્યગ્-વાગ્, સમ્યક્ કર્મન્, સમ્યગ્-આજીવ, સમ્યગ્-વ્યાયામ, સમ્યક્-સ્મૃતિ, સમ્યક્ સમાધિ.

આ ચતુર્વિધ સિદ્ધાન્તના લગભગ એકેએક શબ્દ ઉપર ધ્યાન આપવા જેવું છે; ઉદા- રણ તરીકે જોઈએ તો ઉપદેશ તરફ નજર કરતાં જણાશે કે બુદ્ધે સર્વ સામાન્ય લોકને નહિ ્ ભાવનામાં આગળ વધેલા સાધુઓને પોતાની સમ્યક્-આજ્ઞાઓનો સૈદ્ધાન્તિક પાયો ાડ્યો છે-અથવા તો આર્ય એ સંજ્ઞા મહાવીરે અને બીજાઓએ વાપરી નથી, પણ ે જ એ સંજ્ઞાએ કરીને પોતાના મુખ્ય સિદ્ધાન્ત, અને સાધુજીવનમાં પાળવાના મુખ્ય સંયમ ને આપણે મધ્યમમાર્ગ કહેલો તે-એ બેની વચ્ચે સાંધનારો પુલ બાંધ્યો.

છતાંયે આપણે એક એક શબ્દ ઉપર નહિ થોભીએ. સમસ્ત ઉપર. ચાર સત્યોમાંથી ફેલી વિચાર શ્રેણી ઉપર જઈએ. બુદ્ધે **દુઃખને**-અને **દુઃખને** જ-મૂળ ભાવના માની; ીજા અનેક પ્રત્યેકબુદ્ધની પેઠે **અનિત્યતાને**, કે સંસારમાંથી પલાયન કરી જવાની ભાવના. ીજા બીજા અનેક વિચારકોની પેઠે કર્મને એટલે કે જીવને સંસારમાં બાંધી રાખનાર ર્મને, સાંસારિક જીવનને કે સાંસારિક પુરુષાર્થને એમણે મૂળભાવના માની નહિ. બેશક ૈનઓની પેઠે બુદ્ધ પણ અનિત્યતા અને કર્મ વિષે બોલે તો છે જ; અને વળી અમુક ષ્ટિએ કર્મને એ ચાર સત્યોની અંદર સમાવી દે છે; કારણ કે જે કર્મની સાંકળોમાંથી ાણસને મુક્ત થવાનું છે તે કર્મનો જે અર્થ બીજાઓએ કર્યો છે તેની અને તૃષ્ણાના- સારતૃષ્ણા અથવા જીવનતૃષ્ણાના (આપણે એને જીવનક્ષુધા કહીએ) અર્થની વચ્ચે એ ાનતા આવે છે. અને અનિત્યતાને અને સંસારજીવનને જે ભાવમાં બુદ્ધ માને છે, તે

છે. વળી બુદ્ધ અને મહાવીર બંને મુક્તિને બીજે સ્વરૂપે

ામાન્ય સાધુજીવનના સિદ્ધાન્તો અને તત્ત્વોની આ બધી-

સમતા અને એકીકરણમાંથી આપણે તો એટલું જ તારવી કાઢવાનું છે જે કયા વિચારકે કયી ભાવનાને મધ્યબિંદુએ રાખી છે, અને એ મધ્યબિંદુની ચારે કોરના વર્તુળમાં કયી કયી ભાવનાઓ કયાં કયાં મુકી છે. બુદ્ધે અનિત્યતાને અથવા તો કર્મને નહિ પણ દુઃખને મધ્યબિંદુએ મુકયું છે. આમ એમણે પોતાની વિચારમાળામાં દુઃખને જ શા માટે મેરુસ્થાને મુકયું છે? એમને દુઃખ ખમવું પડયું હતું એટલા માટે? ના ના, એટલા માટે જરાયે નહિ. પોતાને દુઃખે નહિ પણ સંસાર દુઃખે એ કંપી ઉઠયા હતા. કારણ કે એ દુઃખ એમણે પોતાની આંખે જોયું હતું અને બુદ્ધિએ સમજવાના પ્રયત્ન કર્યા હતા, એટલું જ નહિ પણ હૃદયથી અનુભવ્યું હતું–એટલા માટે કે એમના અત્મામાં સહાનુભૂતિ ઉત્પન્ન થઇ હતી. અવલોકન કરતાં કરતાં એ સાધુપુરુષ અનિત્યતાને વિષે દુઃખ જોવા લાગ્યા અને ભારત–પદ્ધતિએ સાર ખેંચીને એમાં લીન થઇ ગએલા એ સાધુપુરુષે, મહાવીરની પેઠે, કર્મના સિદ્ધાન્તનું પ્રતિપાદન કર્યું છે; પણ સર્વના દુઃખમાં સહાનુભૂતિ હોવી જોઇએ એવી લાગણીવાળા એ સાધુએ સંસારદુઃખને સૌથી મોખરે મુકયું.

આમ ભારતના સાધુઓમાં અને વિચારકોમાં બુદ્ધ આ પ્રમાણે મોખરે તરી આવે છે: એ એકલા જ ઉપયુક્ત બુદ્ધિ સાથે શુદ્ધ હૃદયને ગાંઠે છે, સંસારના કોયડાને માત્ર જાનતે માટે જ નહિ પણ દયાને કારણે હાથમાં લે છે, એમની ઇચ્છા માત્ર ઉપદેશ આપવાની જ નહિ પણ એમ કરીને રસ્તો કાઢી આપવાની ને ઉદ્ધાર કરવાની છે, વૈદ્ય સૌના રોગ મટાડવા નિકળે છે તે જ રીતે સહાનુભૂતિને કારણે જગતમાંનાં દુઃખ ટાળવાને એ નિકળે છે; અને આ પ્રયત્નોમાં માણસ જાતના પરિત્રાતા રૂપે સૌથી મોખરે એ આપણી સામે તરી આવે છે.

૫. સિદ્ધિ અને નિર્વાણ.

બુદ્ધ અને એમના સમય ઉપર નજર કરતાં એ મહાપુરુષના સમસ્ત વ્યક્તિત્વમાંથી [illegible] અનેક વસ્તુઓ ઉપરાંત છેવટની વસ્તુઓના સંબંધમાં એમનો મુખ્ય સિદ્ધાન્ત, જેને આપણે Eschatology માં (મરણ વગેરે છેવટની વસ્તુઓ ઉપર વિચાર કરનાર દર્શનમાં) [illegible] કહીએ એના સંબંધેના સિદ્ધાન્ત, તરી આવે છે. એના સંબંધને કારણે અહીં આપણે એ વિષે વિચાર કરીશું, કારણ કે એ સિદ્ધાન્તથી આગળ વધીને આપણે વિચાર કર્યા છતાં [illegible] ખુલ્લા રાખ્યા હતા. એ વિચાર તે નિર્વાણ અને આપણી સમજ પ્રમાણેના [illegible] અર્થ સંબંધે છે.

ણ વળી આપણે પાછા મહાવીર તરફ વળીએ અને એ મોક્ષનો અથવા સિદ્ધિનો વિષે શું માને છે એ પૂછીએ. મહાવીર અલૌકિક પુરુષ હતા, એમના જેવો ઈ પુરુષ થયો નથી. વિચારની એમની પ્રબળતા વિષે, એમની તપસ્યા વિષે, સાધુ- એમના દુઃખસહન વિષે, એમના પુરુષાર્થ વિષે અને માનવજાતિથી દૂર રહેવાની વૃત્તિ સંબંધે તો આપણે આગળ બોલી ગયા છીએ; વળી ચાલતાં ચાલતાં આપણે જોઈ ગયા છીએ કે માણસને સંસારના બંધનમાં બાંધનાર કર્મ ઉપર એમણે ખાસ સિદ્ધાન્ત રચ્યો છે. એકંદરે અત્યાર સુધી આપણને એ તપસ્વીના આદર્શ દેખાયા છે. પણ વાસ્તવિક રીતે તો એ ઉપરાંત એમનામાં બીજું પણ વધારે હતું: ન વિચારક હતા, વિચારોમાં એ અગ્રેસર દર્શનકાર હતા. એમના સમયની સૌ વિદ્યા- એ પારંગત હતા. પોતાની તપસ્યાને બળે એ વિદ્યાઓને એમણે રચનાત્મક આપી પૂર્ણ બનાવી હતી અને પ્રબળ સિદ્ધાન્તતત્ત્વની અંદર ગોઠવી ી. એમણે આપણને તત્ત્વવિદ્યા (Ontology) આપી છે અને તેમાં સૌ તત્ત્વો— વોમાં (ધર્માસ્તિકાય=ગતિ, પુણ્ય, [illegible], અધર્માસ્તિકાય=બંધન, પાપ Bose, આકાશાસ્તિકાય=આકાશ, જીવાસ્તિકાય=જીવ અને પુદ્ગલાસ્તિકાય=જડ ગોઠવી દીધાં છે.—ત્યાર પછી વિશ્વવિદ્યા (Kosmology) આપે છે; એમને મતે [illegible] ૩ પ્રદેશોમાં સમાઈ રહેલું છે, તેમાં સૌથી નીચે ભયંકર નરક છે. એની ઉપર અનેક નરક આવેલાં છે. એમના ઉપર આપણું જગત આવે છે. એની ઉપર સૌથી બહારનો પ્રદેશ આવે છે અને એના બાર ભાગ પડેલા છે અને એટલા જ વર્ગ- વાળા દેવલોક એ પ્રદેશોમાં વસે છે.—ત્યાર પછી જીવવિદ્યા (Biology), એમાં જીવોનો—શુદ્ધ જીવોનો અને અશુદ્ધ જીવોનો (જેની અંદર નરકવાસીઓ, ભૂત- ને દેવલોક પણ આવી જાય છે), ચોરાશી પ્રકારના જીવજંતુનો (આમાં પંચેન્દ્રિય ઉપરાંત ય, ત્રીન્દ્રિય, દ્વીન્દ્રિય અને એકેન્દ્રિય એ મુખ્ય છે) સમાવેશ થાય છે,—ત્યાર પછી શાસ્ત્ર (Psychology), એમાં આત્માના ચૈતન્યની જુદી જુદી દશાઓનું વર્ગી- કર્યું છે. ટૂંકામાં કહીએ તો મહાવીરે એમના સમયમાં જે વિદ્યાઓ વર્તમાન હતી ઉપયોગ કરીને એમણે પોતાની વિચારમાળા ગોઠવી છે, તે ઉપરાંત ઘણા વિષયોમાં સ્પષ્ટ અને નિર્ણયાત્મક વિચારો પણ એમણે આપ્યા છે; ઉદાહરણ લઈએ તો તેમનો અમુક બનાવો સંબંધે, અમુક ગરમ પાણીના ઝરા સંબંધે અને એવા બીજા વિષયો પણ એમણે લખ્યું છે. એમાં વિદ્યા અને અભિપ્રાયોનું, અવલોકન અને અનુમાનનું આપણા જોવામાં આવે છે, પણ સાધુજીવનને અને ખાસ કરીને તપસ્વી જીવનને માટે

એમ તો ના જ કહી શકાય જે એમણે આ આધ્યાત્મિક પ્રશ્નો ઉપર વિચાર નહોતા કર્યા. પણ વાત આટલી જ છે: એમના વિચારો અને એમનું ધ્યાન મુખ્યત્વે કરીને દુઃખભર્યા આ સંસાર તરફ હતું. ધાર્મિક આચરણની જ એમને કીંમત હતી, સૌના હિતને માટેના આદર્શમય જીવનની અને આર્ય-અષ્ટાંગિક માર્ગની જ એમને પરવા હતી. અને આ મહત્વના અને નજર સામેના ઉદ્દેશ ઉપર ધ્યાન આપી બાકીના દૂરના ઉદ્દેશને છોડી દેતા. એવા સીમાપારના વિષય ઉપરના વિચારોને એમણે જાણી જોઈને ટાળી રાખ્યા છે. જે વિષયો સમજી શકાય નહિ અને જેને વિષે સ્પષ્ટ રીતે બોલી શકાય નહિ એ વિષયોના જ્ઞાનમાં માથાં મારવાં એમાં એમને બેવડું જોખમ લાગ્યું: એક તો એનાવડે સાચી જીવનચર્યામાંથી લપસી જવાય અને બીજું વિષમતા: કારણ કે તે સમયે પણ જુદા જુદા વિચારકો પોત પોતાના મત સંબંધે એક બીજા સાથે હારજિતની મારા મારીમાં પડયા હતા.

નિર્વાણના અને અંતિમ વિષયો જાણવા સંબંધેના પ્રશ્નથી બુદ્ધ દૂર રહેતા એ વાત એમના સંબંધેની જુદી જુદી કથાઓથી અને જુદાં જુદાં વર્ણનોથી સ્પષ્ટ થાય છે. કથામાં [illegible] છે કે એક વાર એમના સાધુ શિષ્ય માલુંક્યાપુત્તે—ગહનના અને ઊંડા પ્રશ્નો ઉપર [illegible] એમ પૂછ્યું. જગત્ શાશ્વત છે કે અશાશ્વત, એ સાન્ત છે કે અનન્ત, [illegible] આત્મા, મરણ કરીને બુદ્ધ મરણ પછી રહે છે કે નહિ: એ પ્રશ્નોના ઉત્તર એ [illegible] એનો ઉત્તર બુદ્ધે આમ આપ્યો:—બૌદ્ધધર્મના સુંદર અનુવાદમાંથી [illegible]

"[illegible], મેં ત્યારે તને શું કહેલું? મેં એમ કહેલું કે 'આવ, માલુંક્યાપુત્ત [illegible] જગત્ શાશ્વત છે કે અશાશ્વત, જગત્ સાન્ત છે કે અનંત છે, જીવ અને [illegible] એક વસ્તુ છે કે જુદી જુદી વસ્તુઓ છે, તથાગત મરણ પછી રહે છે કે [illegible] કે અમુક ભાવનાઓ રહે છે) અથવા તો એ નાશ પામે છે કે નહીં [illegible] કે એની મરણ પછીની સ્થિતિ સંબંધે કશું કહી શકાય નહિ): [illegible] એવું મેં તને કહેલું?"

"[illegible] તને કહેલું નહિ."

[illegible] છે કે અશાશ્વત, જગત્ સાન્ત છે કે અનન્ત છે [illegible] [illegible] એવું તે મને કહેલું'—[illegible]

[illegible] કહે:—

"એક માણસ ઝેરી બાણોડાને બાણે વિંધાયો, ત્યારે એના મિત્રોએ અને સગાંએ ચતુર વૈદ્યને તેડી આણ્યો. હવે ઘવાએલો માણસ કદી જો એમ કહે જે 'મને તીર મારનાર માણસ કોણ છે, એ તે બ્રાહ્મણ છે કે ક્ષત્રિય છે કે વૈશ્ય છે કે શૂદ્ર છે એ જાણું નહિ ત્યાં સુધી મારા ઘાને હાથ અડાડવા દેઉં નહિ;' અથવા એ કદી જો એમ કહે જે 'મને તીર મારનારનું નામ શું છે, એ કયા કુળમાં જન્મ્યો છે, એ ઉંચો છે કે નીચો છે કે મધ્યમ છે, અને જે અસ્ત્ર વડે મને માર્યો એ કેવું દેખાય છે, એ જાણું નહિ ત્યાં સુધી મારા ઘાને હાથ અડાડવા દેઉં નહિ;' તો એ વાતનું પરિણામ શું આવે? એ માણસ પોતાને ઘાએ મરે.

"જગત્ અનંત છે કે સાન્ત છે, તથાગત મરણ પછી જીવે છે કે નહિ એ પ્રશ્નોના ખુલાસા બુદ્ધે પોતાના શિષ્યોને શા માટે નથી આપ્યા? કારણ કે જીવનની પવિત્રતામાં એ વિષયોના જ્ઞાનની જરૂર નથી, કારણ કે એ જ્ઞાનથી કંઇ શાન્તિ કે પ્રકાશ મળતાં નથી. શાન્તિ અને પ્રકાશ જેથી મળે છે એ વાતો તો બુદ્ધે પોતાના શિષ્યોને શીખવી જ છેઃ દુઃખનું રહસ્ય, દુઃખોત્પાદનું રહસ્ય દુઃખનિરોધનું રહસ્ય, અને (દુઃખનિરોધ–) માર્ગનું રહસ્ય. એટલા માટે માલુંક્યપુત્ત, જે મેં પ્રકટ નથી કર્યું, તે અપ્રકટ જ રહેવા દે, જે મેં પ્રકટ કર્યું છે તેને પ્રકટ કર."

બુદ્ધના આ શબ્દોમાંથી મહાન્ પરિત્યાગ, મહાન્ શાન્તિ, મહાન્ વિધિભાવ, મહાન્ એકાગ્રતા, મહાન્ આસ્થા તરી આવે છે. અચિંત્ય સંબંધે નિશ્ચયાત્મક ઉપદેશ આપવાનો ત્યાગ કરવો અને એ ત્યાગમાં માણસે સંતોષ પકડવો જોઇએ. જાણી શકાય એવા વિષયો સંબંધે અને એમાંથી જડી આવતી જીવનચર્યા–જેને આપણે સમ્યક્ શબ્દથી ઓળખીએ છીએ એ–સંબંધે આપણે વિચાર કરવા ઘટે. આ જીવનચર્યા બરાબર પાળવી એ જ જરૂરનું છે, એથી જ નિર્વાણ પમાય છે, એથી જ અંતિમ હિત સધાય છે, અને એવી રીતે જીવનચર્યાની સીમામાં આણી મુકેલી, તેની સાથે સાંકળી દીધેલી અને તેમાં જ પ્રવૃત્તિ પામેલી ધાર્મિકતામાં સંપૂર્ણ વિશ્વાસ રાખવો એ બુદ્ધનો ધર્મ છે અને એ એના શિષ્યોનો ધર્મ હોવો જોઇએ.

બુદ્ધના આવા વ્યવહારને લીધે 'ગુરુ જ સીમામાં પ્રકટ થાય છે' એ શબ્દો આપણને આવે છે. આપણા ગુરુએ અંદરની બાજુએથી ઘણા વિચારોની પાછળ ગડમથલ કરી [illegible]ને ત્યાર પછી જ સીમામાં આવ્યા હતા, એમાં તો કશો સંદેહ નથી, છતાં તપસ્યા[illegible]ાર નિકળી શકયા હતા. જે સીમાબંધન સ્પષ્ટ રીતે બુદ્ધે સ્વીકાર્યું હતું તે

ઓલ્ડનબર્ગના અનુવાદમાંથી ફરી ઉતારો કરું છું:—એક સમયે તથાગત કોસંબીમાં
આવેલા સિંસપાવનમાં ઉતર્યા હતા, અને તથાગતે સિંસપાનાં થોડાંક પાંદડાં પોતાના હાથમાં લીધાં
અને પોતાના શિષ્યોને પૂછ્યું: 'હે શિષ્યો, બોલો જોઇએ; કયાં પાંદડાં વધારે છે, આ મેં
મારા હાથમાં જે લીધાં છે તે કે હજી એ સિંસપાવન ઉપર છે તે ?'—'જે પાંદડાં તથાગતે
પોતાના હાથમાં લીધાં છે તે થોડાં છે, ભગવાન્; અને સિંસપાવન ઉપર છે તે તો એથી
ઘણાં વધારે છે.'—'તેવી જ રીતે, હે શિષ્યો, હું જે જાણું છું ને મેં તમને જણાવ્યું ન
તે, મેં જે તમને જણાવ્યું છે તેના કરતાં ઘણું વધારે છે. અને હે શિષ્યો, મેં તમને
માટે નથી જણાવ્યું ? કારણ કે હે શિષ્યો, એથી તમને કંઇ જ લાભ નથી, કારણ કે એથ
તમારા જીવનમાં પવિત્રતા આવવાની નથી, કારણ કે એથી ભૌતિકનો ત્યાગ, પાપનો પરિ
ત્યાગ, અનિત્યની વિરતિ, શાન્તિ, જ્ઞાન, પ્રકાશ, નિર્વાણ પ્રાપ્ત થનાર નથી: અને હે શિષ્યો,
મેં તમને શું જણાવ્યું છે ? હે શિષ્યો, દુઃખ શું છે તે મેં તમને જણાવ્યું છે; હે શિષ્યો,
દુઃખોત્પાદ શું છે તે મેં તમને જણાવ્યું છે; હે શિષ્યો, દુઃખનિરોધ શું છે તે મેં તમને
જણાવ્યું છે; હે શિષ્યો, (દુઃખનિરોધ-) માર્ગ શું છે તે મેં તમને જણાવ્યું છે.'

બુદ્ધે આ બધા વિષયોમાં કેવી રીતે સંકોચ રાખ્યો તે આપણે જોયું. હવે આપણે એ
પણ જોઇએ જે જ્ઞેય વિષયો ઉપરાંત એમણે બીજા કયા વિષયો ઉપર ધ્યાન આપ્યું છે
અને એમાં બીજા વિચારો સાથે ક્યાં ક્યાં એ મળતા આવ્યા છે ને એમનાથી ક્યાં
ક્યાં જુદા પડ્યા છે. એમના સમયે ભારતવર્ષમાં પારલૌકિક વિષયો સંબંધે અનેક મત
હતા; અને એ વિષયો તે મુખ્યત્વે કરીને આ હતા: પુનર્જન્મ, સ્વર્ગલોક, નરકલોક અને
તેમાં વસનારા આત્માઓ, દેવાધિદેવ ઇંદ્ર અને જગત્પિતા બ્રહ્મન્, ભૂતપ્રેત, વાસ્તવિક જીવો
ઉપરાંત પૃથ્વી ઉપર અને વાતાવરણમાં વસતાં લોકકલ્પિત બધા પ્રકારનાં સારાં અને ભુંડાં
સત્ત્વો. બુદ્ધના સમયે આ બધા વિષયોએ અમુક પ્રકારનું દૃઢ સ્વરૂપ ધારણ કર્યું હતું. વળી એવી
પણ કેટલીક ભાવનાઓ તે સમયે પ્રવર્તતી હતી જે જીવનને સારા તરફ વાળતી અને ભુંડાથી
દૂર રહેવા વારતી મનાતી અને તેથી તેમણે નૈતિક સ્વરૂપ ધારણ કર્યું હતું. અને મહાવીરની
અને તે સમયના બીજા વિચારકોની પેઠે બુદ્ધે પણ નૈતિક સ્વરૂપે આ ભાવનાઓમાંથી
પોતાની વિચારસૃષ્ટિ યોજી કાઢી છે. આમ બુદ્ધે એ ભાવનાઓ સંબંધે-ખાસ કરીને નિર્વાણ
સંબંધે પોતાના વિચારો બાંધ્યા છે, પણ તે એના ઉપર વિવેચન કરવાની નહિ પણ ગ્રહણ
કરવાની વૃત્તિએ, મહાવીરની પેઠે રચનાત્મક વૃત્તિએ નહિ પણ મુખ્યત્વે કરીને જીવનને સાચો
માર્ગ આપે અને ઉપયોગી થઇ પડે એટલે કે નૈતિક દૃષ્ટિએ એ વિચારો બાંધ્યા છે. નિર્વાણ
સંબંધેના વિચાર પણ એમની આ ભાવનામાં ઉપયોગી થઇ પડત, લોકપ્રચલિત દેવલોકને

જ્યારે મુક્તલોક પવિત્ર નૈતિક ભાવનાને વધારે સારી રીતે પોષત. પણ આનાથી કેવળ સ્વતંત્ર રીતે, અંતિમ જીવનહેતુ સંબંધે અમુક વિચારોને વિકસાવવા અને આધ્યાત્મિક પ્રકાશરૂપે એમને ધર્મભાવે સ્વીકારવા તથા ઉપદેશવા એ બુદ્ધને ઠીક નહિ લાગેલું. તે સમયના આધ્યાત્મિક વિચારો અમુક ભાવનાની અપેક્ષા રાખતા, પણ એ ભાવનાને બુદ્ધ સ્વીકારી શક્યા નહિ અથવા તો તેનાથી એમનો મતભેદ હતો અને તેથી અહીં જ એમનામાં ચુપ આવી. પુનર્જન્મ, સ્વર્ગલોક, નરકલોક વગેરે ઉપરાંત તે સમયે નિર્વાણ વિષે એવી પણ આધ્યાત્મિક ભાવના પ્રચલિત હતી જે આત્મા-જીવાત્મા-પરમાત્મામાં મળી જાય છે, વ્યક્તિગત આત્મા નિખિલમાં-બ્રહ્મમાં-પવિત્રમાં પાછો જઈ મળે છે. આ જે નિત્ય નિખિલમાંથી અમુક સમયને માટે એણે વ્યક્તિગત સ્વરૂપ ધારણ કર્યું હતું તે તેમાં પાછો મળી અનંત શાન્તિ અને પવિત્ર વિરામ પ્રાપ્ત કરે છે. કંઇક આ ભાવે નિર્વાણને સ્વીકારવું એ આપણા બુદ્ધને અશક્ય લાગ્યું, કારણ કે વેદમાંથી ઉત્પન્ન થએલી અને તે સમય સુધી ચાલી આવતી ભાવનામાં-અદ્વૈતવાદની બ્રાહ્મણ ભાવનામાં બીજા સાધુઓ જેવી એમને શ્રદ્ધા નહોતી. એમની નજર આગળ તો ભવનું દુઃખ એવે પ્રચંડરૂપે તરી રહ્યું હતું, જગત્માં માત્ર સંસારને જ એવે દૃઢભાવે એ જોઇ રહ્યા હતા જે મુક્તાત્માઓને પાછી મળી જવા યોગ્ય સૌની નીચેની આધારભૂત ભૂમિકાને-સર્વોત્કૃષ્ટ બ્રહ્મને-એ જોઇ શકયા નહિ. બુદ્ધની ધાર્મિક નૂતનતામાં પ્રાચીન ભારતની ભાવનાઓ સાથે બીજે એક સ્થળે પણ મેળ નહોતો ખાતો; એ નૂતનતા બ્રાહ્મણધર્મમાંથી ઉત્પન્ન થએલી નહિ તેથી એના ઉપર વેદની, આધ્યાત્મિક ભાવનામાં શુવાન એવી પ્રજાના કાવ્યની અસર થઈ શકી નહિ. આધ્યાત્મિક ભાવમાં અને તેને અનુસરીને નિર્વાણની ભાવનામાં બુદ્ધની નૂતનતા જોડાઇ નહિ. એ નૂતનતાએ ભારત નવું અને સાથે સાથે જ પુરાણું બની ગયું, અને થયું એમ જે નિર્વાણ સંબંધે પ્રશ્નો પુછાતાં મહાવીર કંઇક નવાં વિચારો આપે, પણ બુદ્ધ તો ચુપ જ રહે.

૬. સમુત્પાદ દ્વાદશ-નિદાનમાલા.

આમ સંસારદુઃખે અને માત્ર સંસારદુઃખે જ આપણા બુદ્ધને પ્રેર્યા હતા; એથી એમણે તપની અંતિમ સીમા ઉપરથી ખસીને સાધુજીવનને માટે સુંદર મધ્યમ માર્ગ શોધી કાઢ્યો, અને આ વિકાસની વિચારમાળામાં એમણે ચાર આર્ય સત્યોનું દર્શન યોજી કાઢ્યું અને એને અનુસરીને સર્વ દુઃખોનો ઉત્પાદ-મૂળ તૃષ્ણામાં-જીવનતૃષ્ણામાં જોયો અને એ સર્વ દુઃખોનો નિરોધ એમણે આઠ પ્રકારે શુદ્ધ થતાં જીવનમાં માન્યો તેથી શુદ્ધ જીવનની જરૂ-

[illegible] લોકમાં [illegible] એને આધાર આપનાર વળી એક બીજી [illegible] હવે આ બનિકા વિષે [illegible] આપણે જોતું રહ્યું. [illegible] દ્વાદશ-નિદાનમાલા છે. એમાં પ્રથમ તો તૃષ્ણાને સૌથી [illegible] પણ ત્યાંથી પાછા ફરતાં ફરતાં આખરે પાછા એથીયે ઉ[illegible] એ જ વળી દુઃખોત્પાદ રૂપે ગણી આવી.

[illegible] હવે આપણે [illegible] વાસનાના ક્ષેત્રમાંથી આગળ નિકળીએ અને અવિ[illegible] નથી, પણ અવિદ્યા અર્થાત્ [illegible] આવી પહોંચીએ. હવે આ સૌ જીવજંતુના મૂળમાં વાસના [illegible] વિક કાને તો. [illegible] મુખ્ય છે કે અવિદ્યા [illegible] છે અને તેમાંથી વાસના ઉત્પન્ન થાય છે. વાસ્ત- બુદ્ધની [illegible] મુખ્ય છે એના ઉપર પ્રશ્ન આવી કરતો નથી. [illegible] આ પ્રમાણે છે:

[illegible] જીવનવાસના—તૃષ્ણા—જીવને સંસારમા બાંધી રાખે છે. ત્યારે તૃષ્ણાના પરિણા- મનો-સંસ્કારનો-નાશ કરવા તરફ આપણે દૃષ્ટિ રાખ્યા કરવી, જેથી આ જ્ઞાનની-બોધિની ભૂમિકા ઉપર રહીને એ જીવનવાસનાથી આપણે આપણું રક્ષણ કરી શકીએ અને ફળ આપતાં સત્કાર્યોથી દૂર રહેવાથી આપણે શાન્તિ પ્રાપ્ત કરી શકીએ.

હવે આમ દૃષ્ટિ રાખ્યે-જાગૃતિ, જ્ઞાન, બોધિ પામ્યે-અંધ જીવનલાલસાનો, અ[illegible] જીવનમોહનો નિરોધ થાય છે. આથી સમુત્પાદ દ્વાદશ-નિદાનમાલામાં એ જીવનલાલસ[illegible] એ જીવનમોહના મૂળમાં સૌથી પહેલી કડી એ અવિદ્યા છે. આપણે પોતે એ બાબતને અ[illegible] અથવા તો અટપટો એવાં વિશેષણ આપી શકીએ, કારણ કે જેને આપણે જીવનલાલસા[illegible] અંધતા અને જીવનમોહનું અટપટાપણું માનીએ તેને બુદ્ધે પણ એ જ પ્રકારે માન્યું છે.

(આપણે જાણવું ઘટે છે કે હિંદુસ્તાનની ભાષાઓમાં વિશેષ્યને વિશેષણ દ્વારા ભાવ[illegible] ક્ત બનાવવામાં આવે છે. સંસ્કૃત ભાષામાં **ग्रामाणां अपरम्**, **अश्वानां रत्नम्**, [illegible]**थानां वैविध्यम्** બોલાય છે, ત્યારે આપણે તેની જગાએ ein anderes Dorf (= બીજું ગામ), ein prächtiges Pferd (ભવ્ય ઘોડો), verschiedene [illegible]cher (વિવિધ ગ્રંથો) એમ કહીએ છીએ. આમ જ્યારે તૃષ્ણાના મૂળ કારણમાં [illegible]રે અવિદ્યા મુકાય છે, ત્યારે આપણે ટૂંકામાં એને અજ્ઞાનમય તૃષ્ણા એટલે કે અંધ [illegible]લાલસા, અટપટો જીવનમોહ કહી શકીએ.)

[illegible] પણ બુદ્ધે અવિદ્યાની ભાવનાને કોઇ વિશેષણ આપ્યું નથી અને એને વિશેષ્ય રૂપે [illegible]જ રાખી છે અને ઉત્પાદ માળાના મૂળમાં એને મુકી છે, ત્યારે એમને [illegible]

કોઈક શું કહેવાનું છે એ વાત પણ સ્પષ્ટ છે. બુદ્ધે અવિદ્યાને પ્રથમ નિદાન આપવામાં શોધ્યા છે, તેને વિભિન્નને જોયાં છે, એને સ્થાન દૃષ્ટિ-પારમાર્થિક દૃષ્ટિએ આપે માની છે. અવિદ્યાને એમણે વિધાન્ત વિરોધિતાને માની છે. કારણ કે એમની મતે તો વિદ્યા પણ એટલી જ અજ્ઞાન દૃષ્ટિ છે: એ દૃષ્ટિએ તો મિથ્યા છે, સૌ કલ્પિત છે, અવિદ્યાએ કરીને જ સૌ ભ્રમ થાય છે. બુદ્ધના આ સૌ વિધાયને આપણે મિથ્યાત્વનું નામ આપી શકીએ; તો વસ્તુના મિથ્યાત્વની પ્રતીતિએ કરીને જ વસ્તુમાં સત્વનું આરોપણ થાય છે, કારણ કે એ સ્થાનાંતર અને અનિત્ય છે. અને જે અવસ્થા પ્રાપ્ત ભાવનાએ કરીને જગતને સત્યરૂપે જોતાં દેખાય છે એને જેને બુદ્ધ અજ્ઞાન અવિદ્યાને નામે ઓળખે છે તેના વિરુદ્ધ દિશામાં તે મહાપુરુષ આ મિથ્યાત્વને મૂકે છે. એટલું જ નહિ, પણ (આપણે આગળ જોઈ ગયા તેમ એમની તત્વવિદ્યામાં મહાવીર બતાવે છે તેવી રીતે) જે વિચારો જગતના કારણ કે મૂળતત્વોને ઈશ્વર કે અનિત્યત્વને (= અકારણને) સ્વીકારે છે તે વિચારોને-પ્રત્યક્ષ દર્શિઓને-પણ પોતાની મિથ્યાત્વની ભાવનાને કારણે દાર્શનિકોમાંથી ટાળી કાઢે છે.

જગતની તેમની સાથે અને બધા પ્રકારનાં સ્વભાવદર્શક દર્શનોની સાથે આમ વિરોધ જોતાં બુદ્ધને આપણે નિષેધક દર્શનકાર માનવા પડે છે. બાકીના દર્શનકારોએ જગતની અપૂર્ણતા જોવા છતાં પોતાનાં સૌ દર્શનોનો પાયો નિત્યતા ઉપર રચ્યો છે, પણ બુદ્ધે તો સંસારચક્રની પોતાની અલૌકિક ભાવનાનો નિત્યતા સાથે કશો સંબંધ જોડ્યો નથી અને તે ભાવનાને સ્વતંત્રરહિત રાખી છે. આમ એ પોતાની સાથે માત્ર દુઃખમાં જ્ઞાનને જ જુએ છે; અને એ જ્ઞાનને એમણે મિથ્યા, છાયારૂપ, સ્વપ્નરૂપ માન્યું છે અને તેમાંથી છૂટી નિર્વાણ તરફ દોરાવું ઇષ્ટ માન્યું છે. આ પ્રકારના પોતાના ઉપદેશોથી અને સંવાદોથી એમણે લોકને જન્મબંધનમાંથી છોડાવીને નિર્વાણ તરફ દોરવાનો પ્રયત્ન કર્યો છે.

આ ભાવના પ્રમાણે સમુત્પાદ દ્વાદશનિદાનમાલાને આદિ, મધ્ય અને અંત ચોક્કસ હોય, એ હવે સારી રીતે સમજાય એમ છે. કારણ કે માળાની-સાંકળની-પહેલી કડી તે અવિદ્યા છે, આમાંથી તે તૃષ્ણા છે અને એ છેલ્લામાંથી અથવા બારમીથી દુઃખ ઉત્પન્ન થાય છે; પહેલીમાં ચાર આર્ય સત્યો આવી રહ્યાં છે. આપણે આખી માળાને આદિ, મધ્ય ને અંતમાં આમ ગોઠવી શકીએ.

અવિદ્યામાંથી તૃષ્ણા ઉત્પન્ન થાય છે,
અને તૃષ્ણામાંથી દુઃખ ઉત્પન્ન થાય છે.

અને એકંદરે એ વસ્તુસ્થિતિ આ પ્રમાણે ટુંકામાં આવી છે:

વાસ્તવિકતા ઉપરના ભ્રમભર્યા વિશ્વાસને લીધે માણસ એની વાસનામાં તણાય છે, પણ એથી કશી નિત્ય વસ્તુ પ્રાપ્ત થતી નથી, તેથી સંસારવાસનાને પરિણામે ભ્રમણ, ક્રંદન, વ્યાધિ, શોક, દારિદ્રય અને મૃત્યુ વાળું મિથ્યા સંસારબંધન આવે છે.

ઉત્પાદ માળાની વચલી કડીઓ હજી આપણે જોવાની રહી. આદિ અને મધ્ય વચ્ચે ૭ કડીઓ છે તથા મધ્ય અને અંત વચ્ચે બે છે. પ્રથમની ૭ આ પ્રમાણે છે:

૨. સંસ્કાર,

૩. વિજ્ઞાન,

૪. નામ અને રૂપ,

૫. ષડાયતન–છ ઇંદ્રિય પ્રદેશ. પાંચ ઇંદ્રિયોમાં ભારતવાસીઓ મનસૂને ઉમેરી છ કરે છે.

૬. સ્પર્શ અને

૭. વેદના.

દરેક કડી પોતાની પાછલી કડીને આધારે રહેલી છે અને તેથી પહેલી અને આઠમી કડી એ બેનો સાથે વિચાર કરતાં આ નીચેની શ્રેણી યોજી શકાય:

અવિદ્યામાંથી સંસ્કાર ઉત્પન્ન થાય છે, એમાંથી વિજ્ઞાન ઉત્પન્ન થાય છે, એમાંથી નામ અને રૂપ ઉત્પન્ન થાય છે, નામ અને રૂપમાંથી છ ઇંદ્રિયપ્રદેશ ઉત્પન્ન થાય છે, એમાંથી સ્પર્શ ઉત્પન્ન થાય છે, એમાંથી વેદના ઉત્પન્ન થાય છે અને એમાંથી તૃષ્ણા ઉત્પન્ન થાય છે.

અવિદ્યાથી તૃષ્ણા સુધી વિસ્તરતા માનવભવના પ્રદેશના આથી સંખ્યાબંધ ઉપપ્રદેશ બને છે, અને એ આખા ક્રમને આપણે શારીરિક અને માનસિક ભાવે સમજવાનો છે. અને જો બુદ્ધને સમજવા છે–આપણે એમના વિચારક્રમને યુરોપિયન પદ્ધતિએ વિચારીએ–તો અજ્ઞાનજનિત સંસારબંધનની ભૂમિકા ઉપર વ્યક્તિજીવનના આરંભમાં પ્રથમ તો એને અનુકૂળ પ્રવૃત્તિ રચાય છે. ત્યાર પછી એ સંસ્કાર એને દોરીને સર્વ સામાન્ય વિજ્ઞાનના એટલે કે એકતા અને ભેદભાવ સમજવાની સાદી શક્તિના પ્રદેશમાં લેઈ જાય છે, આમાં માનસિક ગતિ થાય છે અને એને આપણે મૂળ ચેતના કહી શકીએ. આ શક્તિમાંથી વળી નામના અને રૂપના ભેદની જાગૃતિ થાય છે અને એથી માણસ પોતાને સત્વ ઓળખે અને બાહ્ય જગતને નામ રૂપે ઓળખે છે. અને આ સત્વ તથા નામ વચ્ચેનું ભેદભાન વિસ્તરતાં તેમ છ ઇંદ્રિય પ્રદેશ ઉઘડે છે, એટલે કે પોતાની જાત અને બાહ્ય જગત વચ્ચે. દૃષ્ટિ અને દૃશ્ય વચ્ચે, શ્રવણ અને શ્રાવ્ય વચ્ચે અને એમ બીજાં ઇંદ્રિયજન્ય

અનુરૂપ આવે છે. આ અનુરૂપથી વળી સ્પર્શ એટલે કે બાહ્ય જગત દ્વારા ઈન્દ્રિયજન્ય અસર થાય છે અને એ અસરે કરીને વિષયની વેદના–અનુભવ–થાય છે. એ અનુભવથી નારાજગીની અને સ્થાપિત્વની વાસના એટલે કે જીવનવાસના–તૃષ્ણા–જાગે છે.

જીવનતૃષ્ણામાં દોરી જનાર માનસ–શારીરિક માળાની આ રીતની જુદી જુદી કડીઓ આપણને સ્પષ્ટ રીતે નહિ સમજાય. બુદ્ધે પણ પોતાના વિચારક્રમમાં આપણને સમજાય એવી ભાવનાઓ સાથે કેટલીક એવા પ્રકારની અનિશ્ચિત ભાવનાઓ ગુંથી છે, કે જે ગુંથવાની વૈદિક દર્શનશાસ્ત્રોમાં જરૂર પડે છે અને જેની અંદર નામ અને રૂપથી યોજાએલાં ભાવ-દ્વંદ્વનાં ચિન્હ અતિ પ્રાચીન કાળથી નજરે પડે છે.

સમુત્પાદ દ્વાદશનિદાનમાલાનો ત્રીજો ભાગ હજી બાકી છે. અને એની ચાર કડીઓ આ અનુક્રમે છે.

૯. ઉપાદાન,

૧૦. ભવ,

૧૧. જાતિ અને

૧૨. જરા મરણ, વ્યાધિ અને વેદના, દુઃખ, શોક અને નિરાશા.

(શોક, પરિવેદના, દુઃખ, દુર્મનસ્ત્વ અથવા ક્લેશ.)

ભાવ એવો છે કે જે તૃષ્ણાથી (૮) બંધન આવે છે, એટલે કે તૃષ્ણાના વિષયમાં અથવા હેતુમાં બંધન આવે છે. અને આ બંધન જીવને સંસારમાં જરૂર બાંધી રાખે છે અને તેથી એને નવો ભવ લેવો પડે છે. નવા ભવને કારણે નવો જન્મ લેવો પડે છે અને તેની સાથે માનવજન્મનાં બીજાં દુઃખ, જરા અને મૃત્યુ, વ્યાધિ અને વેદના આદિ આવે જ છે.

હવે આમ આપણે સમુત્પાદદ્વાદશનિદાનમાલાને, જરૂર પુરતી, સ્પષ્ટ કરી છે. બુદ્ધને પોતાને પણ એમ લાગેલું કે આ વિગતવાર ક્રમ ઘણા લોકોને ઉપદેશમાં અનુકૂળ નહિ થઈ પડે. તેથી એમણે એને લઘુ સ્વરૂપે ચાર આર્ય સત્યોમાં ગોઠવી દીધો છે અને એટલા માટે મુખ્યત્વે કરીને દુઃખમાંથી છોડવનાર આર્ય અષ્ટાંગિક માર્ગ ઉપર દૃષ્ટિ રાખી છે. અને તેથી બુદ્ધના ઉપદેશમાં આ ચાર આર્ય સત્યો અને માત્ર એ જ મહત્ત્વનાં અને વિશેષ મનાયાં છે. આપણે તો આ સમુત્પાદદ્વાદશ નિદાનમાલાની વિગતમાં કંઈક ઉંડા ઉતર્યા, કારણકે–મહાવીરની અહિંસા અને બુદ્ધની મિત્ર ભાવના ઉપરથી–આખું ઉપદેશ વસ્તુ જોવા ઇચ્છતા હતા, અને એ ઉપદેશ વસ્તુ અહિંસા [illegible] વચ્ચેનો જે ભેદ આપણે

શરૂઆતમાં જોયો હતો તે આથી વધારે સ્પષ્ટ થયો છે. વળી એમનાં દાર્શનિક તત્ત્વોમાં પણ એ એક બીજાથી સંપૂર્ણ રીતે જુદા છેઃ એક રચનાત્મક છે, બીજા વિવેચક છે,–એક પોતાના જગત્સ્વરૂપને વિસ્તારનો અને મુક્તભાવે ચીતરવાનો પ્રયત્ન કરે છે, ત્યારે બીજા એને સંકોચવાનો અને નિશ્ચિતભાવે વિચારવાનો પ્રયત્ન કરે છે.

પણ આપણા ધર્મ સંસ્થાપકોની દાર્શનિક ભાવનાના આ ભેદ બતાવીને જ આપણે આ પ્રકરણ બંધ નહિ કરીએ, અથવા તો એ બે મહા પુરુષોમાં બીજા પણ મળી આવતા વધારે ભેદ ફરી વાર નહિ તપાસીએ. હવે તો આ સ્થળે, એ બે કયાં એક છે, કયા મતે એ બેને સમાન છે એ જ તપાસીએ. બુદ્ધ અને મહાવીર એ બંને ક્રાઇસ્ટ પહેલાંના ઉત્કર્ષ જુગના માનસિક અને આધ્યાત્મિક નેતા હતા. એમણે બંનેએ સાધુ સંઘો સ્થાપ્યા છે, પોતપોતાના ગુરુઓના ઉપદેશોને અને એમની બીજી જીવનચર્યાને આધારે એ બંને સાધુ સંઘોએ પુષ્કળ ધાર્મિક સાહિત્ય રચ્યું છે. એ સંઘો અને એ સાહિત્ય આજ સુધી ચાલ્યાં આવે છે અને હજીયે પુરુષાર્થ આચરવાની શક્તિ ધરાવે છે. એ સાહિત્ય ઉપરથી એ બંને મહાપુરુષોને આપણે સ્પષ્ટ રૂપે જાણવાને ભાગ્યશાળી થયા છીએ. આપણને આનંદ થાય છે કે વેદમાં જ નહિ પણ પ્રાચીન ઈંડોજર્મન ધર્મમાં જડાએલો પ્રાચીન ભાવના-વિકાસ એ બે ઉપદેશકોએ જુદી જુદી દિશામાં સંપૂર્ણ રૂપે ખીલવ્યો છે. આપણે હજી સમસ્ત મનુષ્યત્વના ટુકડા કરી કુટુંબોમાં અને જાતિઓમાં જ ભરાઈ રહેવું જાણીએ છીએ અને તેથી એના જ વિકાસમાં બધાં પ્રકાશબિંદુ જોઈએ છીએ, તેથી આપણા ધર્મ સંસ્થાપકે આપણને જે ધર્મ આપ્યો છે તેનું મહત્ત્વ એના અસંખ્ય શિષ્યોમાં જ રહ્યું છે અને હજી રહે છે, એટલું જ નહિ પણ પ્રાચીન ઈંડોજર્મન અને પ્રાચીન એશિયન આત્માના પ્રકાશ રૂપે [illegible] એનું મહત્ત્વ આપણામાં જ રહ્યું છે ને રહે છે. પણ જે પ્રકાશબિંદુ આપણને ભારત- [illegible] કરીને વેદ-બ્રાહ્મણ ધર્મો, બુદ્ધ ધર્મ અને જૈનધર્મ એ ત્રણ ધર્મો–આપણાં છે એ [illegible] પ્રાચીનતાનાં પ્રકાશ બિંદુઓને, હોમરની પેઢીની કે એરિસ્ટોટલની, ગોથીની [illegible] ના પ્રકાશ બિંદુઓને કદી નહિ ઢાંકે એ વાત સાચી; પણ [illegible]

[illegible]

બે ભારત-ક્રિશ્ચિયન સમાનતાઓ.

સરખાં કારણે સરખાં કાર્ય નિપજે. જ્યાં મનુષ્ય સ્વભાવ અમુક ભાવનાઓ સંબંધે
ને અમુક ઉદ્દેશો ઉપર વિચાર કરે, ત્યાં દેશકાળ ગમે એટલે દૂર હોય તો પણ તેમાં
મુક પ્રકારની સમાનતા હોવાની જ. ધાર્મિક ભાવનામાં હમેશાં અંતરની આસ્થા અને
ંતરની ભવ્યતા હોય છે એટલું જ નહિ, પણ એ આસ્થા અને ભવ્યતાને અનુરૂપ બહા
ો કર્મકાંડ પણ હોય છે જ; એને અંગે ભોગ અપાય છે, સત્કાર્યો કરાય છે, વ્રતો અને
ાત્રાઓ પળાય છે અને માત્ર એટલું જ નથી; ભાષા અને વિચાર પ્રકટ કરવાના વિધિ
ણ અમુક વિશેષ પ્રકારનાં સ્વરૂપ ધારણ કરે છે અને એને અનુરૂપ ચિત્રો આંકે છે. ત્યારે
રિણામ એવું આવે છે કે જે ધર્મોને એક બીજા સાથે કશો જ ઐતિહાસિક સંબંધ હોતો
થી તેમાં પણ અનેક પ્રકારની એકતા મળી આવે છે અને અહીં તહીં દેખીતી રીતે
મુક પ્રકારના સમાન વિધિ તરી આવે છે. ત્યારે એવી રીતે થોડી ઘણી એવી સરખા
કારની સમાનતા વિષે આપણે હવે વાત કરીએ. આવા પ્રકારની બે સામાનતાઓ
હીં રજુ કરીશ અને તે ભારત-ક્રિશ્ચિયન સમાનતાઓ છે; તેમાંની એક મહાવીર અને
ાઇસ્ટ વચ્ચેના વિચાર સંબંધની છે અને બીજી બુદ્ધ અને ક્રાઇસ્ટ વચ્ચેના સંબંધની છે.

મહાવીરનાં ધર્મશાસ્ત્રોમાં એટલે કે જૈનશાસ્ત્રોમાં **नायाधम्मकहाओ** (= દૃષ્ટાન્તો
ને ઉપદેશો!) નામે એક ગ્રંથ છે. દેખાતી રીતે અમુક શબ્દોને ના અનુસરીએ પણ
ેમાંના ભાવોને અનુસરીએ તો જુદે જુદે પ્રસંગે મહાવીરે ઉચ્ચારેલાં વચનો એ ગ્રંથમાં
, અને એ વચનોમાં બીજા ઉપદેશ ઉપરાંત અમુક દૃષ્ટાન્તો મળી આવે છે. એ ગ્રંથના
ાતમા અધ્યાયમાં એવી રીતે રોહિણીનું દૃષ્ટાન્ત આવે છે. રોહિણીનો અર્થ વર્દ્ધનશાલી
ે, આપણા નવા કરારમાં આવેલા પૌંડ સોંપ્યાના દૃષ્ટાન્તને મળતું આ દૃષ્ટાન્ત છે. એ
દૃષ્ટાન્તની કથા કંઇક વિસ્તારથી આપેલી છે, પણ અહીં એનો (વિલ્હેલ્મ હિતેમાન, જે
એક વાર મારો વિદ્યાર્થી હતો અને જે આજે રણસંગ્રામમાં સુતો છે તેના die gnata-
Erzalnlungen-જ્ઞાતકથાઓ-[સ્ટ્રાસબુર્ગ-૧૯૦૭] નામના ગ્રંથમાંથી) ટુંકો સાર
આપું છું:

સમાપ્તિ ભાગ.

૧ સોંપેલા દાણાનું મહાવીરનું દૃષ્ટાન્ત.

રાજા શ્રેણિકના સમયમાં રાજગૃહમાં ધન નામે એક વેપારી રહેતો હતો. એને ચાર

આ સ્ત્રીઓના આચાર વિચારની—અને ખાસ કરીને ઘર સાચવવાની એમની કાળજી અને ઘર ચલાવવાની એમની બુધ્ધિની—પરીક્ષા કરવાનો વિચાર એક દિવસ એ શેઠ મનમાં આવ્યો. એટલા માટે એ દરેક પુત્ર વધૂને એણે ડાંગરના પાંચ પાંચ દાણા સોંપ અને એમને કહ્યું કે હું પાછા માગું ત્યાં સુધી એ દાણાને તમારે સારી રીતે સાચવવ સૌથી મોટી જે ઉજ્ઝિકા (= ઉડાઉ) હતી એણે તો એ વાત ધ્યાનમાં પણ ના લીધ એણે તો વિચાર્યું જે વડીલના કોઠારમાં ઘણીયે ડાંગર ભરી છે, ત્યારે આટલા દાણા સાચ વવાની મારે શા માટે ચિન્તા કરવી? જ્યારે એ દાણા એ પાછા માગશે, ત્યારે હું બીજ પાંચ લાવીને આપી દઇશ. એવો વિચાર કરીને એણે એ દાણા ફેંકી દીધ બીજી પુત્રવધૂ જે ભોગવતી (વિલાસ કરનારી) હતી એણે પ એવા જ વિચારે પોતાના દાણા ફેંકી દીધા. ત્રીજી જે રક્ષિકા (સાચવનારી હતી એણે એ દાણાને લુગડામાં વીંટાળીને પોતાના દાગીનાના ડબ્બામાં મુ ઉશીકા નીચે મુકયા. પણ ચોથી જે રોહિણી (વધારનારી) હતી તેણે એ દાણ વાવ્યા ને લણ્યા. એમાંથી પેદા થએલા દાણા ફરી વાવ્યા ને ફરી લણ્યા અને એમ કર કરતે પાંચ વર્ષમાં તો એક મોટો કોઠાર ભર્યો.

હવે ધને પોતાની પુત્રવધૂઓ પાસેથી તેમને પોતે સોંપેલા દાણા પાછા માગ્યા.

ઉજ્ઝિકાએ બીજા પાંચ દાણા ધર્યા; પણ એની ઠગાઇ પકડાઇ આવતાં જ એને તે ઘર કરવા પડી અને રોજ ઘરની રાખ સાફ કરવાની સજા થઇ—સારાંશઃ જે માણસ સાધુ અથ સાધ્વી થઇને પાંચ મહાવ્રત પાળતું નથી. પણ ફેંકી દે છે તે આ ઉજ્ઝિકાના જે ને અને એના જેવી જ સજા એને ભોગવવી પડે છે.

ભોગવતીનું આચરણ પણ પકડાઇ આવ્યું ને એને પણ સજા થઇ, પણ એની એની ઉજ્ઝિકાના કરતાં ઓછી હતી. કારણ કે એણે સસરાની આજ્ઞાની અવગણના [illegible] કરવું નહિ પણ વિલાસિતા અને બેદરકારીને કારણે કરી હતી અને એને [illegible] અને [illegible] કરવાનું કામ સોંપ્યું—સારાંશઃ જે સાધુઓ અને સાધ્વીઓ પંચમહ [illegible] તેમને ભોગવતીના જેવી સજા ભોગવવી પડે.

રક્ષિકાએ પોતાના સસરાની આજ્ઞા શબ્દો પ્રમાણે જ પાળી, તેથી બદલામાં [illegible] કામ સોંપાયું—સારાંશઃ પંચમહાવ્રતોનું જે માણસ [illegible] પાલન કરે છે તેની આ રક્ષિકાની પેઠે સાધુઓ અને પવિત્ર આત્મા [illegible] કરે છે અને [illegible]

[illegible]

[illegible] આપણું આ દૃષ્ટાન્ત [illegible] કાઢ્યું છે [illegible]
[illegible] મહાવીર અને બુદ્ધ [illegible] વિચાર [illegible]
[illegible] ઉપદેશો—અને તેમાં [illegible]
રીતે [illegible] કરી [illegible]
[illegible] વર્ણવે છે, અને તેથી એનાં [illegible]
[illegible] વિચારને એના [illegible] આવે છે, કારણ કે આપણને તો [illegible]
[illegible] આપણને [illegible] ઉપદેશના વિચાર [illegible]
[illegible] પણ એનાં [illegible] કામ [illegible] સહજ થઈ જાય છે.
[illegible] સ્મરણમાં રાખવાનું [illegible] આવતી સુવાર્તાઓમાંના આવા [illegible]
[illegible] બાઇબલના નવા કરારમાં આપણી આ કથાના પ્રસંગ બરાબર
[illegible] અને આપણું છે અને એના કરતાં આપવામાં વધારે કુશળતા
[illegible] અને [illegible] વર્ણવીને એને દૃષ્ટાન્તનું રૂપ [illegible] કાઠકમાં એ પ્રકારનો વિ[illegible]
[illegible] પદ્ધતિ અને પ્રકટી કરવું સાથે સરખાવતાં [illegible]
[illegible] છે.

માથ્થીની સુવાર્તામાં (૨૫: ૧૪ થી) એક માણસનું દૃષ્ટાન્ત આવે છે. પરદે[illegible]
વેળાએ એ પોતાના ત્રણ ચાકરોમાંથી એકને પાંચ ટેલન્ટ (પૌંડ), બીજાને બે [illegible]
એક આપે છે અને એ દરેકની શક્તિને અનુસરીને છે; પહેલા બે એમાંથી [illegible]
ત્રીજો પોતાના ટેલન્ટને દાટી રાખે છે. પણ વળી લુકની સુવાર્તામાં (૧૯: ૧૨ થી) એક
વાત આવે છે. રાજપાટ મેળવવાને એ ઉમરાવ પરદેશ નિકળે છે, તે વેળાએ પો[illegible]
ચાકરોને દરેકને એક એક પૌંડ આપે છે, ને 'જ્યાં સુધી હું આવું ત્યાં સુધી
ગણજો' એમ જણાવે છે. જ્યારે એ પાછો આવે છે ત્યારે જુએ છે કે પહેલો
[illegible] માગો છું; અને એને એ દશ ગામનો અધિકાર સોંપે

પાંચ કમાયો છે, તેથી એને પાંચ ગામનો અધિકાર સોંપે છે ત્રીજાએ પોતાના પૌંડને રૂમાલમાં બાંધી રાખ્યો છે ને તેથી કશું કમાયો નથી; ભગવ એનો એ પૌંડ ખૂંચાવી લે છે ને પહેલા ચાકરને આપે છે. બાકીના ચાકરો સંબંધે કશું જણાવ્યું જ નથી.

આમ ક્રાઇસ્ટમાં આપણને દૃષ્ટાન્તનું એકતાસૂચક કશું બંધન નજરે પડતું નથી. મુખ્યત્વે કરીને તો પરીક્ષામાં મુકેલા માણસોની સંખ્યા જ અનિશ્ચિત છે. એક કથામાં ત્રણ કરતાં વધારે માણસો છે, તેથી એમ લાગે જે એમણે પણ ધણીનો સોંપેલો માલ ભગાડી નાખ્યો છે એવો અર્થ નિકળે. માત્થીમાંનો ત્રીજો માણસ પોતાના ટેલંટને દાટી મુકે છે તેથી એના કરતાં લ્યુકમાંના ત્રીજા માણસની પોતાના પૌંડને સાચવવાની રીત ઉંચા પ્રકારની છે, કારણ કે એ રૂમાલમાં બાંધી રાખે છે. પણ આપણી ભારતની કથામાંની રક્ષિકાની રીત એથી યે સારી છે કારણ કે એ પોતાના ડાંગરના દાણાને લુગડે બાંધીને દાગીનાના ડબામાં મુકે છે. વળી માત્થીની કથાને અંતે (૨૫ : ૨૬) 'તેં જે મુકયું નથી તે લે છે, અને તેં જે વાવ્યું નથી તે લણે છે' એ શબ્દો પણ જોવા જેવા છે, કારણ કે એમાંના વિચારોની ભૂમિકામાં ખેડુતની ભાવના છે, અને તેથી ભારતના દૃષ્ટાન્તને પુરેપુરી અનુરૂપ છે; ક્રાઇસ્ટના દૃષ્ટાન્તના બાકીના બીજા બધા વિચારની ભૂમિકામાં વેપારીની ભાવના છે; કારણ કે એ દાણા વાવવાની કે લણવાની વાતો નથી કરતો, પણ પૌંડના કે [illegible] વાતો કરે છે.

આપણાં દૃષ્ટાન્તોની ભારતીય અને ક્રિશ્ચિયન રચના સંબંધે ચર્ચા કરતાં ડિલેમાન એના ઉપર લખાયેલા ગ્રંથમાં આ પ્રમાણે નિર્ણય આપે છે:

" આ દૃષ્ટાન્તોની રચના ઉપરથી માલિયિક સંબંધ વિષે એવું [illegible] ક્રાઇસ્ટના જન્મ પૂર્વે ૫૦૦ વર્ષ પહેલાં ભારતના લોકો એ બાબતમાં [illegible]

ડિલેમાનનો એવો મત છે કે આ દૃષ્ટાન્ત કોઇ રીતે ભારતમાંથી [illegible] અને ક્રાઇસ્ટે એને ઉપાડી લીધું હોવું જોઇએ. મેં માત્ર [illegible] કે જે મહાવીર અને ક્રાઇસ્ટ વચ્ચેની તરી આવતી આ સમાનતા [illegible] આધ્યાત્મિક [illegible] શક્તિ અને [illegible] જીવનની [illegible] [illegible] [illegible]

રચાએલી પછીની રચના રહી ગઇ હોય તો મહાવીરને અને ક્રાઇસ્ટને એ સમાન રચન માટે પૂર્વેનો સ્વતંત્ર આધાર મળ્યો હોય; ત્યારે જે સંબંધ દેખાય છે તે અ વર્ણવી શકાય:

અને પાછો, પાંચસો વર્ષ પછી
વિચારમાં એ જ માર્ગે પ્રયાણ કરતો
એક નવો અને મોટો ઉપદેશક આવ્યો.

[મહાવીર ઉપરાંત બીજા એક બ્રાહ્મણ ધર્મના કવિએ આપણા આ મહાવીરના દૃષ્ટાન્ત અનુરૂપ દૃષ્ટાન્ત આપ્યું છે, અને એ પણ ઉપદેશસૂચક છે. એ આ પ્રમાણે છે.

ત્રણ વેપારીઓ પરદેશમાં નિકળે છે; દરેકની પાસે થોડું થોડું ધન છે. એક એમાંથ ખુબ કમાયો, બીજો માત્ર પોતાનું મૂળ ધન જ પાછું ઘેર લાવ્યો અને ત્રીજો તો તે પણ ગુમાવીને આવ્યો. આ ઉપરથી શીખવાનું કે મનુષ્યજીવન ધન છે, સ્વર્ગ તે કમાણી છે. જે માણસ પોતાનું ધન ગુમાવે છે તે નીચી યોનિમાં જન્મ પામે છે. જે માણસ પોતાનું ધન પાછું ઘેર લાવે છે તે ફરી મનુષ્ય યોનિમાં અવતરે છે. પણ જે કમાણી કરે છે, તેની સરખામણી દેવલોકને પામનાર જ્ઞાની પુરુષ સાથે થઇ શકે.

Indian und das Christentum–(ભારત અને ખ્રિસ્તિધર્મ) એ નામના પુસ્તકમાં પૃ. ૪૨–૪૪ ઉપર (Garbe) આ દૃષ્ટાન્તનાં બે જૈન સ્વરૂપ સંબંધે વિશેષ ચર્ચા કરે છે.]

બુદ્ધ અને પ્રલોભક

હવે આપણા ધાર્મિક ઇતિહાસના બીજી સમાનતા તપાસીએ. તેમાં બુદ્ધ અને ક્રાઇસ્ટ બંનેની પાસે પ્રલોભક આવે છે એ સંબંધે વર્ણન છે. આ વિષયની બહુ વિદ્વત્તાભરી આલોચના થઇ છે અને તેમાં બુદ્ધના જીવનની હકીકત આપનાર તથા કંઇક અંશે કાલ્પનિક ભાવે ઓપ ચઢાવનાર બૌદ્ધ સાહિત્યમાંથી એ પ્રલોભકનો અનેક પ્રકારનો ઇતિહાસ એકઠો કર્યો છે અને તેનો અનુવાદ કર્યો છે. આ આલોચના એર્ન્સ્ટ વિન્ડિશે (Ernst Windisch) કરેલી છે અને 'માર અને બુદ્ધ' એ નામથી Abhandlungen der Sachsischen Gesellschaft der Wissenschaften માં (સૅક્સનિના વિજ્ઞાનમંડળની ગ્રંથમાળામાં) પ્રકટ થઇ છે. તથા હેરમાન ઓલ્ડનબર્ગે (Hermann Oldenberg) 'બુદ્ધ' નામે પોતાના પ્રખ્યાત ગ્રંથમાં (બે વર્ષમાં જેની આઠ આવૃ[illegible]

and Iran=ભારત અને ઇરાનમાંથી, ૧૮૯૯, પૃ. ૧૯૧-૧૦૭) પણ આ સંબંધેની હકીકત તારવી કાઢી છે. વળી ગાર્બેએ (Garbe) પણ એ સંબંધે એના ગ્રંથમાં પૃ. ૫૦-૫૬ ઉપર લખ્યું છે.

આપણે એ પણ જાણવું જોઇએ જે પ્રલોભકની સમાનતા બુદ્ધ અને ક્રાઇસ્ટથી પણ પ્રાચીન છે. પારસી ધર્મના સંસ્થાપક ઝરથુસ્ત્ર, જે બુદ્ધ પૂર્વે બસો વર્ષ ઉપર થઇ ગએલા, તેમની પાસે પણ પ્રલોભક ગએલો. આમ આઠસો વર્ષના અરસામાં એશિયાના ધર્મ-ઇતિહાસમાં પ્રલોભનની ભાવના કમમાં કમ ત્રણ વાર દેખાય છે. પણ આપણને પોતાને જ એક પ્રકારનું પ્રલોભન-સૈકાઓ થયાં ચાલી આવતી એ ભાવના ઉપર વિચાર કરવાનું પ્રલોભન-નથી થઇ આવતું ? બરાબર તપાસીએ તો પ્રલોભકનો એ ઇતિહાસ બાહ્ય અને આન્તર એમ બે ભાગે વહેંચાએલો છે. પહેલામાં ધર્મસંસ્થાપકનો સાચો અનુભવ હોય છે અને તેમાં અમુક સમયે નિર્બળતાનું જે આક્રમણ થાય છે તેના ઉપર એમણે મેળવેલા વિજયનું વર્ણન આવે છે. બીજામાં સંસારના પ્રલોભન ઉપર અમુક ધર્મસંસ્થાપક વીરે જે વિજય પ્રાપ્ત કરેલો તેનું કાવ્યરસિક વર્ણન આવે છે. બીજા પ્રકારનું જે વર્ણન તે સ્વાભાવિક રીતે જ પહેલા પ્રકારના વર્ણન ઉપર ઓપ ચઢાવીને કરેલું હોય છે. પણ ઝરથુસ્ત્રના પ્રસંગની પેઠે, જ્યાં પ્રલોભકના ઇતિહાસનો માત્ર બાહ્ય ભાગ જ હોય છે, ત્યાં માનસિક અનુભવને આધારે રચાએલો છે કે કેમ તેનો નિર્ણય આપણે કરી શકતા નથી. ઝરથુસ્ત્રના ધર્મમાં અસુરાત્મા-અંધકારનો આત્મા-અંગ્ર મૈન્યુ (અહિમન્) સુરાત્મા-પ્રકાશના આત્મા-અહુર મઝ્દ (ઑરમઝ્દ) સાથે જુદ્ધ કરે છે અને સ્વાભાવિક રીતે જ આ જુદ્ધ સુરાત્માના પયગંબર-ઝરથુસ્ત્ર સામે પણ થાય છે.

" અસુરાત્મા હવે દૂર ઉત્તરમાંથી નિકળી આવે છે અને પયગંબરનો ઘાત કરવાને માટે એક રાક્ષસને મોકલે છે. પણ ઝરથુસ્ત્રના ઓજસ્‌ને અને એમના પવિત્ર શબ્દને લીધે એ રાક્ષસને નાશી જવું પડે છે. ત્યારે હવે અંગ્ર મૈન્યુ પોતે આવે છે અને ઝરથુસ્ત્રને કહે છેઃ ' સુરાત્માનો અનાદર કર; તો પછી પૃથ્વી ઉપર હજાર વર્ષ રાજ્ય કરવા પામશે. ' પણ ઝરથુસ્ત્ર અંગ્ર મૈન્યુની વાત સ્વીકારતા નથી અને સામો ઉત્તર દે છેઃ ' ના, ગમે તો મારા દેહનો, જીવનનો અને આત્માનો પણ વિનાશ થાય તોયે સુરાત્માનો અનાદર નહિ કરૂં ! "

આટલે જ પુરૂં થાય છે. આ કથા ઝરથુસ્ત્રની આજુબાજુના પ્રસંગો ઉપરથી ઉપજાવી કાઢી હોય એમ ધારી લેવાય. અથવા તો એમ પણ માની લેવાય જે ઝરથુસ્ત્રે સુરાત્માઓ સાથેના પોતાના સમાગમ વિષે જેમ ઘણી વાતો કહી છે તેમ અસુરાત્માઓ સાથેના સમા-

મોઝીઝના સંબંધમ
ગમ વિષેની વાતો પણ કહી હોય અને બાઇબલના જુના કરારમાં
જેમ વર્ણવ્યું છે તેમ-ગોદાન્તમાં પર્વત ઉપર થએલા પોતાના સમાગમનું વર્ણન એમણે
પોતાના ઉપદેશમાં કર્યું હોય.

પણ પ્રલોભનના બૌદ્ધ સાહિત્યમાં તો કેવળ જુદો જ પ્રકાર છે. એમાં તો બાહ્ય અ
આન્તર બંને પ્રકારના ઇતિહાસ છે, અને આન્તર પ્રકારનો ઇતિહાસ ખાસ કરીને વધા
પ્રાચીન છે, તેથી બીજો પ્રક્ષિપ્ત ભાગ રૂપે જુદો પડે છે. પણ મહત્ત્વની વાત તો એ
જે આ બધા બૌદ્ધ ઇતિહાસે એક જ મૂળકથામાંથી જુદાં જુદાં સ્વરૂપ ધારણ કરેલાં
અને એ હિસાબે બુદ્ધ જ્યારે બોધ તો પામ્યા હતા પણ પોતાના પ્રચારક્રમમાં હજી સ્થિ
થયા ન હોતા તેવે સમયે પ્રલોભકે એમની પાસે આવીને એમને શંકામાં નાખવાના પ્રયત્ન
આદર્યા-અને વળી એવી જ બીજી મૂળકથા પ્રમાણે તે જ સમયે જગત્પિતા બ્રહ્મન્ બુદ્ધ પા
આવ્યા અને એમને પ્રોત્સાહન આપ્યું. બંને કથાઓનો અંત સારી રીતે ઉતાર્યો
પહેલી કથામાં બુદ્ધ પ્રલોભક ઉપર વિજય મેળવે છે, અને બીજીમાં બુદ્ધ જગત્પિતાની વાત
સ્વીકાર કરે છે. અને આમ આમાંની એક કથા વધારે પડતી છે (ઓલ્ડનબર્ગના ' બુદ્ધ
પૃ. ૧૨૫ અનુસાર); પણ પ્રલોભકે શરૂઆતમાં આણેલી નિર્બળતાને કારણે કંઇક અ
અને પછી જગત્પિતાએ આપેલા છેવટના પ્રોત્સાહનને કારણે કંઇક અંશે બુદ્ધ પોતા
પ્રચારક્રમના નિર્ણય ઉપર આવ્યા હતા અને એ વાત પોતાના શિષ્યોને વર્ણવી બતા
હતી એમ જો આપણે માનીએ તો, માનસિકભાવે લેતાં એ બંને કથાઓ એક-બીજ
પોષે છે ને પરિપૂર્ણ કરે છે. એ બંને હેતુઓ એક જ કથામાં જોડાયા હોત, તો
નાટ્યરસને શોભાવનારી કથા બની જાત. પણ બુદ્ધ પોતાની વિચારમાળા એક જ પ્રસ
પુરી કરી નાખતા નથી, પણ હમેશાં દરેક વિચારને વારંવાર ફરીફરીને વર્ણવે જાય
તેથી એમની આ પ્રણાલીને લીધે એ બે કથાઓ એક કથામાં જોડી શકાઇ નથી.
પ્રલોભકના બે ઇતિહાસોમાં અને જગત્પિતાના ઇતિહાસમાં કંઇક

હવે આપણે બૌદ્ધ ' પ્રલોભક ' ની વિચાર કલ્પનાનો ઇતિહાસ
તવાર ઉતરીએ. એટલું કહી દઇએ જે મૃત્યુ અને માર એ નામો મરણનાં રૂપક નામો
વેદમાંથી ચાલતો આવે છે. મુખ્યે તો સામાન્ય રીતે પાપ અને બહુવચ
અને પાપ્મન્ શબ્દનો અર્થ એકવચનમાં હોય તો જીવનનાં પાપ એમ કરવામાં આવતો. સંસાર માત્ર
હોય તો વિવિધ પાપ, ખાસ કરીને પ્રલોભક છે તેથી બુદ્ધે એને
... મૃત્યને આણે છે અને એના મોહજાળને કારણે

એવી જ રીતે ગૃહીઓ અને ગૃહિણીઓને માટે પણ શબ્દે શબ્દ બોલે છે.) જે શુદ્ધાચાર ઉપદેશું છું તે સર્વલોક સ્વીકારે અને આચરે અને માણસ સારી રીતે વિગતવાર સમજે એવું થાય નહિ ત્યાં સુધી, હે પાપ્મન્, હું નિર્વાણમાં જવાનો નથી.

૨. બુદ્ધના પરીક્ષણનું કાવ્યમાં વર્ણન.

ઉપરના વર્ણનમાં પ્રલોભક બુદ્ધને એમના યોજનામાંથી પાછા પાડવા ઇચ્છતો હતો એટલે કે બુદ્ધ પોતાનું જ્ઞાન જગતને આપે નહિ અને પોતાનો ધર્મ સંઘ રચે નહિ એવું ઇચ્છતો હતો. આ નીચેના વર્ણનમાં બે શ્લોકો ૨૧–૨૨ એ હકીકતનો ઇસારો કરે છે. પણ બાપડા કવિએ એ ભાવને વિસ્તારીને ફેરવી નાખ્યો છે; એ મારની પદ્ધતિને અને બુદ્ધની સાથેના એના સંબંધને કેવી રીતે એમાં ફેરવી નાખ્યો છે તે આમાં સ્પષ્ટ થાય છે. એને તે માટે એવી યોજના રચી છે કે બુદ્ધ પોતાના કઠોર સાધુજીવનને ત્યજી દેઇ સાંસારિક બ્રાહ્મણ ધર્મમાં પાછા જોડાય.

નિરંજરા નદીને તટે ચરમ લક્ષ્ય પ્રાપ્ત કરવાના પ્રયત્ન કરતા હતા,
નિર્વાણ શાન્તિ પ્રાપ્ત કરવાના વિચારમાં લીન થઇ ગયા હતા જે, એમની પાસે ૧
નમુચિ ગયો, મીઠી વાણી મુખે બોલ્યો:
શાક્ય પુત્ર, ઉઠો થા, આ જીવન કષ્ટથી તને શો લાભ છે ! ૨
તું સુકાઇ ગયો છે, દેખાવે નબળો પડી ગયો છે; મૃત્યુ તારી પાસે આવ્યું છે.
તારા હજાર ભાગ તો મૃત્યુના થઇ ચુક્યા છે; માત્ર એક ભાગમાં જીવન છે. ૩
જીવન્તને તો જીવન શ્રેષ્ઠ છે; જીવે છે ત્યાં સુધી કર્તવ્ય કર;
કારણ કે માણસ જીવે છે ત્યાં સુધી કર્મ કરે છે, જે કરવાનું છે એને તરછોડતો નથી. ૪
જો તું દાન કરે અને યજ્ઞ કરે તો
તને મહાલાભ થશે. તારા સાધુજીવનથી શું મળવાનું છે ! ૫
એ જીવનને માર્ગે જવું બહુ કઠિણ છે, એ જીવન પાર નિકળવું કઠણ ને કષ્ટજનક છે.
આવાં વચન બોલીને ઉભો માર બુધ્ધની બાજુમાં. ૬
એવું બોલનાર મારને તથાગતે આમ કહ્યું.
લઘુ ચેતસ્ સત્ત્વ, પાપ્મન્, તું તારા સ્વાર્થને કારણે આવ્યો છે ૭
કારણ કે આવા લઘુકાર્યથી મને જરા યે લાભ થવા
આવા કાર્યથી થવાના જે લાભ, એ તો, હું આ ૮
પ્રયત્નથી હું બહુ કરી શકતો નથી, કારણ કે ... ંત આ

નદીના પ્રવાહને પણ વાયુ સુકવી શકે છે;
મારા લક્ષ્યે પહોંચવા પ્રયત્ન કરતો જે હું, એવું લોહી એ શા માટે નહિ સુકવે? ૧૦

જ્યારે લોહી સુકાશે, કફપિત્ત પણ સુકાશે,
માંસ જ્યારે સુકાશે, ત્યારે આત્મા વધારે શાન્તિ પામશે
અને મારૂં ધ્યાન અને મારૂં જ્ઞાન અને મારો યોગ વધારે દૃઢ થશે. ૧૧

એમ કરતે કરતે જો હું મૃત્યુ દુઃખને પામીશ,
તો આત્મા મૃતદેહને નહિ જુએ; આત્માની વિશુદ્ધતા જુઓ! ૧૨

મારામાં ઇચ્છા છે, વળી વીર્ય છે; તેમ જ જ્ઞાન મને પ્રાપ્ત થયું છે.
જગતમાં હું એવું કંઈ જોતો નથી, જે મારામાં વીર્ય છતાં મને નમાવી શકે. ૧૩

આહ! છેક સામાન્ય જીવન કરતાં તો જીવનને હણનારૂં મૃત્યુ ભલું!
હારીને હું જીવ્યા કરૂં તેના કરતાં તો જુધ્ધમાં મારે મરવું ભલું. ૧૪

ઇચ્છા તારો પહેલો સૈનિક છે, બીજાનું નામ નિરાનંદ છે,
ભૂખ તરસ એ તારો ત્રીજો છે, ચોથાનું નામ તૃષ્ણા છે. ૧૫

મૂઢતાને આળસ તે પાંચમો ને ભય તે છઠ્ઠો કહેવાય,
તારો સાતમો તે દ્વિધા જે દંભ તથા અભિમાન તે આઠમો. ૧૬

અને બીજા તે લાભ, કંઇ કીર્તિ, માન તથા બીજા આદર કરે નહિ;
છતાં ય પોતે પોતાની જાતને વખાણે, એવો ખોટો ઉપજાવેલો દેખાવ. ૧૭

આ તારી સેના છે, નમુચિ, કાળ બળની આ જુધ્ધ સેના છે!
જે વીર નથી તે વિજય પામે ના અને વિજય પછી લાભ પણ પામે ના! ૧૮

મારની સેના ચારે દિશાએ જોઉં છું, પોતાના સાથીઓ સાથે માર ઘેરે છે;
જેથી જુધ્ધમાંથી હું નિકળી જાઉં, કે એ મને સ્થાનભ્રષ્ટ કરે નહિ. ૧૯

સમસ્ત જગતને અને દેવોને જિતનારી તારી આ સેનાને,
મારા જ્ઞાનને બળે વિખેરી નાખીશ, પત્થર વડે જેમ કાચા માટીના ઘડાને. ૨૦

ઇચ્છાઓને સંયમમાં લાવીને અને ધ્યાને દૃઢ કરીને પછી,
હું દેશ થકી દેશ ફરીશ ને શ્રોતાઓને ઉપદેશ આપીશ. ૨૧

એ બધા ગંભીર ભાવે લક્ષ્ય પૂર્વક મારી આજ્ઞાઓ પુરી કરશે ને
તારી ઇચ્છા વિરૂધ્ધ જશે. જ્યાં જઈને નિરાશ થશે નહિ. ૨૨

[illegible] છે.

[illegible] ૨૩

[illegible]

[illegible] ૨૪

[illegible]

[illegible] ૨૫

[illegible]

[illegible] ૨૬

[illegible]

---

૯. [illegible] બુદ્ધને પોતાની યોજનામાં દૃઢતા આપે છે.

([illegible] 'બુદ્ધ' પૃ. ૧૩૯–૧૪૧)

([illegible]) જ્યારે તથાગત એકાંતમાં બેઠા હતા ત્યારે એમના ([illegible]) મનમાં આમ વિચાર આવ્યો:

[illegible] હાથ છે, [illegible] શાંતિમય, [illegible] છે, જે [illegible] પામી શકે, તે [illegible], જે [illegible] છે; સંસારજીવનમાં એને એનું [illegible] હું [illegible] છું. [illegible] છે; સંસારજીવનમાં રમનાર, એ સંસાર- [illegible] આનંદ [illegible] છે. [illegible] આનંદ પામનાર એ માણસને કર્મના [illegible] પોતાનું [illegible] માનનાર અને પોતાનો આનંદ પામનાર [illegible] હાલ છે; બધા ([illegible] વાસનાઓને કાપવાની, તૃષ્ણા- [illegible]) [illegible] તો એને બહુ જ [illegible] વાતો [illegible] સમજે નહિ તો મને નિરાશા થાય, [illegible] થાય.

એવામાં તથાગતને, [illegible] ન આવ્યા હતા એવા આ વિચારો અચાનક એમના મનમાં ઉદ્ભવ્યા:

[illegible] જે પ્રાપ્ત કર્યું, તે જગતને શા માટે પ્રકટ કરી આપવું?

[illegible] અને તિરસ્કાર [illegible]

[illegible]

[illegible] થાય છે, [illegible] નહિ કે [illegible]
[illegible] લાગે છે,
[illegible] નથી;
[illegible]
[illegible]
[illegible] હતા, [illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

[illegible]

[illegible] છે, જે [illegible]
[illegible]

[illegible]

આપવા નિકળે તે પૂર્વે પ્રલોભકે પાછા પાડવાનો પ્રયત્ન કર્યો હતો! ઇરાની પ્રલોભકકથામ
અરથુસ્ત્રને પણ અસુરે તીર મારવા પ્રયત્ન કર્યો હતો તે આ કથાઓથી યાદ આવે છે. પણ
આપણી કથામાં જે અંદરનો તાત્પર્ય છે, તે આ ઇરાની કથામાં નથી.

આમ જરથુસ્ત્રનું, બુદ્ધનું અને ખ્રિસ્તનું એ ત્રણેનાં પરીક્ષણોને એક બીજા સાથે
કંઇને કંઇ સંબંધ છે; એમાં જે તફાવત છે તે મહત્ત્વનો નથી; પહેલાં પરીક્ષણો બીજા
પરીક્ષણોમાં તરી આવે છે, પહેલાં પરીક્ષણની કથાઓ બીજાં પરીક્ષણની કથાઓમાં ઉતર
આવે છે. તે ઉપરાંત વળી આપણે જોયું એમ બુદ્ધના પ્રલોભક માર એવી ભાવનાની
મૂર્તિ છે, જે ભાવના પ્રાચીન ભારત-ભાવનાના મૂળમાં છે, અને તેથી એને અનુસરી
ઇરાની પ્રલોભક હોઇ શકે નહિ. વળી કોઇ પણ કથામાં 'પ્રલોભક' કે 'પ્રલોભન
શબ્દો મુકયા નથી.

જુદી જુદી પ્રજાઓના ઉત્કર્ષ વચ્ચે કોઇ અમુક ગુપ્ત સંબંધ હોય એની સાબિતિ
માટે, ઉપર જણાવ્યાં તેવાં છેક નહિ જેવાં સામ્યો ધાર્મિક ઇતિહાસમાંથી મળી આવે
ભારતની, ઇરાનની અને પેલેસ્ટાઇનની જે વિચાર સૃષ્ટિઓ આપણે સરખાવી, એનો ગ
સંબંધ બાંધનાર જો કોઇ પણ હોય તો **માત્ર માનવાત્મા જ** છે. દેશ કાળને ભેદે કરી
આ આત્મામાં પણ ભેદ પડે છે એ વાત ખરી. પણ તો ય ધર્મસંસ્થાપકો એક બીજા
સ્વતંત્ર રીતે સમાન રૂપકો ગોઠવે છે, અને પરીક્ષણોની પાર ઉતરે એવી સમાનતા
જુદી જુદી પ્રજામાં જોવા પામે.

બુદ્ધ અને મહાવીર

ભારતના બે ધર્મસંસ્થાપકો.

પૂર્વકથન

બુદ્ધ સંબંધે પુષ્કળ લખાયું છે. હર્માન ઓલ્ડનબર્ગનો લેખ સૌથી સારો છે; એ લેખ જ્યારે પ્રસિદ્ધ થયો ત્યારે હું અભ્યાસ કરતો હતો. આ લેખમાં બુદ્ધના સમકાલીન મહાવીર સંબંધે પણ વિવેચન કરવામાં આવ્યું છે. ૧૯૧૯ ના ઉનાળામાં આસબુર્ગમાંથી પલાયન કરીને હાઈડલ્બર્ગમાં આવી વસ્યો, ત્યારે ત્યાં આપેલાં વ્યાખ્યાનો ઉપરથી—મારા માનનીય મિત્ર ફ્રીદ્રીશ કલુગેની સૂચનાથી—આ લેખ યોજી કાઢ્યો. એ મિત્રરાજ્યે મારા પલાયન સમયે મારો અતિથિસત્કાર કર્યો તે માટે હું એનો આ સ્થળે ઉપકાર માનું છું. નવજુગના હક્કે આ આપણા ભાગ્યહીન દોઈચલાન્તનો હું ઋણી છું.

આ લેખ પ્રકટ થાય છે, એટલે થોડા જ વખત પહેલાં Die nonne નામે પ્રાચીન કથાનો જે અનુવાદ મેં કર્યો છે* (અને આ કથા પણ મ્યુન્શન–લોઇબ્નીબર્ગનાં Verlag oskar તરફથી જ પ્રકટ થઈ છે) તેને પૂર્તિ મળી છે; એ કથા મહાવીરના એક અનુયાયીએ રચી છે, અને આ લેખમાં મેં જે સ્પષ્ટીકરણ કરેલું છે તેને એમાંથી સબળ ટેકો મળી રહે છે.

હાઈડલ્બર્ગ આઇ. બી., ૧૯૨૧ ના મધ્ય મે માસમાં.

એર્ન્સ્ટ લૉઇમાન.

---

* 'તરંગવતી' ને નામે આ કથાનો જર્મનમાંથી મારો અનુવાદ રા. બબલચંદ કેશવલાલ મોદી તરફથી અમદાવાદમાં પ્રકટ થયો છે:—અનુવાદક.

સમાવેશ.